પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૯/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા સુદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૨૩૩

**સુવિચાર**

જેને કામ કરવું છે તે એ કામ કરવાનો રસ્તો શોધી કાઢશે અને કાર્ય કરવું જ નથી એ બહાનું પણ એટલી જ સહેલાઈથી શોધી કાઢશે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ઈમરજન્સી સારવાર
24/7 Emergency Services
એપોઈન્ટમેન્ટ માટે 9978223000
❖હૃદયરોગ - બીપી
❖શ્વાસ દમ ન્યુમોનિયા
❖પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
❖ડાયાબીટીસ - કીડની
❖લીવરની તકલીફ વગેરે
ડો. રાજન કકૈયા (એમ.ડી.) કન્સલટન્ટ ફીજીશ્યન



વિશેષ સુવિધા
આયુષ્યમાન કાર્ડ ધારકોને ફ્રી સારવાર
કેશલેશ મેડીકલેઈમ સુવિધા
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## અમરેલી, ચલાલા બાદ જાફરાબાદમાંથી ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી

# જિલ્લાની પાલિકાઓનાં લાખો રૂપિયાનાં વાહનોની હાલત દયનીય

**જનતા જનાર્દન સવારથી રાત્રિ સુધી વિવિધ સ્વરૂપે સરકારી તિજોરી નાણાથી છલકાવે અને તે નાણાનો ખુલ્લેઆમ બગાડ થાય**

**જનપ્રતિનિધિઓની ગુનાહિત બેદરકારીનાં પાપે અધિકારીઓને દયનીય હાલતમાં રહેલ વાહનોને કાર્યરત કરવાનું સુઝતુ નથી**

**જનતા જનાર્દનનાં પરસેવાનાં એક એક પૈસાનો સદ્‌ઉપયોગ કરાવવો એ જનપ્રતિનિધિની જવાબદારી હોય છે**

**જનતા જનાર્દન પાલિકાથી લઈને પાર્લામેન્ટની ચૂંટણી મતદાન કરીને તેમનું પાંચ વર્ષનું ભવિષ્ય જનપ્રતિનિધિઓને સોંપે છે**



અમરેલી, તા. ૧૬

અમરેલી, ચલાલા બાદ હવે જાફરાબાદ પાલિકાનાં વાહનો દયનીય હાલતમાં હોવાની વિગતો પ્રકાશમાં આવી રહી છે. જનપ્રતિનિધિઓની ગુનાહિત બેદરકારીનાં પાપે પાલિકાનાં અધિકારીઓ લાખો રૂપિયાનાં વાહનોને કાર્યરત કરાવતા નથી.

અમરેલીનાં હિરકબાગમાં પાલિકાનાં સેંકડો વાહનો ભંગાર હાલતમાં જોવા મળ્યા બાદ ચલાલા પાલિકાનાં વાહનોની સ્થિતિનો અહેવાલ ''અમરેલી એકસપ્રેસ''માં પ્રસિધ્ધ થયા બાદ હવે જાફરાબાદ પાલિકાનાં વાહનોની દયનીય સ્થિતિ પ્રકાશમાં આવી છે.

જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી ખરીદાયેલ વાહનોની નિયમિત જાળવણી કરવામાં આવતી ન હોવાથી જનતાનાં પરસેવાનાં પૈસાનો બગાડ થઈ રહ્યો છે. જનતા પાલિકાથી લઈને પાર્લામેન્ટની ચૂંટણીમાં તેમનું પાંચ વર્ષનું ભાવિ જનપ્રતિનિધિઓને સોંપતી હોય છે. પરંતુ જનપ્રતિનિધિઓ અને અધિકારીઓની મિલીભગત થતાં જનતાની હાલત સેન્ડવીચ જેવી થઈ જાય છે.

## અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

"અમર ડેરી" અમર ત્રીભેટો, ધારી રોડ, અમરેલી.

ક્રમાંક/અમર/એડી/એમ.ડી./૬૮ /૨૪–૨૫ તારીખ : ૧૫/૦૯/૨૦૨૪

### દુધ સંઘની વાર્ષિક સાધારણ સભાની તારીખમાં ફેરફાર કર્યાની જાણસારૂ

અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના શેર હોલ્ડર્સને તથા સૂચિત દૂધ મંડળીઓના પ્રાયોજકોને જાણ કરવામાં આવે છે કે, આ દૂધ સંઘની ૨૨મી વાર્ષિક સાધારણ સભા આગામી તારીખ ૨૨/૦૯/૨૦૨૪ ને રવિવારના રોજ સવારના ૧૦ :૩૦ કલાકે સેન્ટર ઓફ એકસેલન્સ, ET / IVF લેબ, ધારી રોડ, અમર દાણ ફેકટરી સામે રાખેલ હતી જે અનિવાર્ય સંજોગોના કારણે તારીખમાં ફેરફાર થયેલ છે,

જે અંગેની નવી તારીખ ૨૧/૦૯/૨૦૨૪ ને શનિવારનાં રોજ સવારના ૧૦ :૩૦ કલાકે અગાઉ મોકલેલ એજન્ડા મુજબનાં સેન્ટર ઓફ એકસેલન્સ, ET / IVF લેબ, ધારી રોડ, અમર દાણ ફેકટરી સામે મળશે. જેની નોંધ લેવા વિનંતી.

**સ્થળ :–** અમર ડેરી, અમરેલી.

બોર્ડ ઓફ ડીરેકટર્સની સુચનાથી
**ડો. આર.એસ. પટેલ**
મેનેજીંગ ડીરેકટર
અમર ડેરી – અમરેલી

## અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બૅંક લિ., અમરેલી

'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ–ઓફિસ, અમરેલી. ફોન નં. ૦૨૭૯૨–૨૨૨૬૦૧
ઈ–મેઈલ : ho@ajmsbank.com - વેબસાઈટ :- www.ajmsbank.com

અજીમસ બેંક/એસ્ટા/૨૧૨૨૪/૨૦૨૪–૨૫ તારીખ : ૦૬/૦૯/૨૦૨૪

### સૂચનાપત્ર (રીવાઈઝડ)

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ના શેર હોલ્ડર્સને આથી જાણ કરવામાં આવે છે કે, આ બેંકની ૧૧૪મી વાર્ષિક સાધારણ સભા આગામી **તા.૨૧/૦૯/૨૦૨૪ ને શનિવારના રોજ સવારના ૧૦:૦૦ કલાકે અમરદાણ ફેકટરી સામે, CENTRE OF EXCELLENCE,(ET/IVF), લેબ, ધારી રોડ,અમરેલી મુકામે નીચેના કામો માટે મળશે.**

**: એજન્ડા :**

૧. ગત તા. ૨૪/૦૯/૨૦૨૩ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ (પ્રોસીડિંગ્સ) વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૨. બેંકના તા.૩૧/૦૩/૨૦૨૪ આખરનાં બોર્ડ ઓફ ડીરેકટર્સે મંજુર રાખેલ નફા–નુકશાન ખાતાનો હિસાબ, સરવૈયુ અને વાર્ષિક અહેવાલ મંજુર રાખવા બાબત.
૩. બેંકના સને ૨૦૨૩–૨૦૨૪ના નાણાકીય વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી બોર્ડ ઓફ ડીરેકટર્સે કરેલ ભલામણ મુજબ મંજુર કરવા બાબત.
૪. નાબાર્ડ દ્વારા બેંકના સને ૨૦૨૨–૨૦૨૩ ના નાણાંકીય વર્ષનાં કરવામાં આવેલ ઈન્સ્પેકશન અન્વયેનો ઈન્સ્પેકશન મેમો અને તેને લગત ઈન્સ્પેકશન દુરસ્તી મેમો વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૫. બેંકના સને ૨૦૨૩–૨૦૨૪ ના નાણાકીય વર્ષના હિસાબોનું સ્ટેચ્યુટરી ઓડીટ શ્રી સંજીવ આર. દોશી, એસોસીએટસ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, રાજકોટ તરફથી થયેલનો સ્ટેચ્યુટરી ઓડીટ રીપોર્ટ અને તેને લગત સ્ટેચ્યુટરી દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૬. NG Techassureance Pvt. Ltd., Surat તરફથી સને ૨૦૨૨–૨૦૨૩ અને સને.૨૦૨૩–૨૦૨૪ના નાણાકીય વર્ષના થયેલ Vulnerability Assessment & Penetration Testing (VAPT) નો ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૭. NG Techassureance Pvt. Ltd., Surat તરફથી સને ૨૦૨૩–૨૦૨૪ ના નાણાકીય વર્ષના થયેલ GAP Assessment of Cyber Security Controls Report નો ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૮. NG Techassureance Pvt. Ltd., Surat તરફથી સને ૨૦૨૩–૨૦૨૪ ના નાણાકીય વર્ષના થયેલ સીસ્ટમ ઓડીટનો (ઈલેકટ્રોનીક ડેટા પ્રોસેસીંગ) ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૯. બેંકની જુદી જુદી કમીટીઓ દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા. ૩૧/૦૩/૨૦૨૪ સુધી કરાયેલી કામગીરીને બહાલી આપવા બાબત.
૧૦. બેંકની તા.૨૬/૦૪/૨૦૨૪ની બોર્ડ ઓફ ડીરેકટર્સની મીટીંગના ઠરાવ નં.૭૯ થી પેટા નિયમમાં કરેલ સુધારાને બહાલી આપવા બાબત.
૧૧. મહેરબાન પ્રમુખશ્રીની મંજુરીથી પ્રમુખસ્થાનેથી અન્ય જે કાંઈ રજુ થાય તે.

**નોંધ :–**
(૧) બેંકના વ્યકિત સભાસદોના ડેલીગેટોની ચુંટણી કરવા અંગેની મીટીંગ ઉપરોકત સ્થળે સાધારણ સભા અગાઉ ૦૯:૩૦ કલાકે મળશે જેમાં તમામ વ્યકિત સભાસદોને હાજર રહેવા ખાસ વિનંતી છે.
(૨) બેંક સાથે જોડાયેલી સહકારી મંડળીઓને પોતાના પ્રતિનિધિ બેંકની સાધારણ સભામાં હાજર રહી મત આપવા બદલનો ઠરાવ કરીને બેંકને અગાઉ મોકલી આપવો તથા એક નકલ સભાના દિવસે સાથે લાવવી.
(૩) સને ૨૦૨૩–૨૦૨૪ ના વર્ષનો વાર્ષિક અહેવાલ અલગથી મોકલવામાં આવશે. જેની નોંધ લેવી.

**: બપોરે ભોજનની વ્યવસ્થા રાખેલ છે :**

સ્થળ :– હેડ ઓફીસ, અમરેલી.
તારીખ :– ૦૬/૦૯/૨૦૨૪

બોર્ડ ઓફ ડીરેકટર્સની સુચનાથી
**(બી.એસ. કોઠીયા)**
જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
અ.જી.મ.સ.બેંક લી., અમરેલી.

જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બૅંક પાછળ, અમરેલી.

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
હવે આપણી ગોળ હોસ્પિટલમાં નિયમિત મળશે .......
• ડાયાબિટીસ - કિડની - લીવર ની તકલીફ
• હૃદયરોગ - બીપી
• શ્વાસ ચડવો
• પેરાલીસીસ અને આંચકીની તકલીફ વગેરે તકલીફ ની સારવાર માટે મળો
કેશલેસ મેડિકલેમ સુવિધા ઉપલબ્ધ



ડો. હિરલ ફુચા
એમ.ડી (કન્સલ્ટન્ટ ફિઝિશિયન અને કાર્ડિયો ડાયાબિટોલોજિસ્ટ)
24X7 ઈમરજન્સી અને એમ્બ્યુલન્સ સુવિધા ઉપલબ્ધ
અપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો ૯૯૭૮૯૬૬૬૨૯
સમય: સવારે ૯ થી ૨ અને સાંજે ૫ થી ૮
એન. સી. ટી. કેમ્પસ, ગોળ હોસ્પિટલ, ચિત્તલ રોડ, અમરેલી

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી,
ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત
લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર
જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324

## ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ કરીને મસમોટો નફો રળવાની પરોક્ષ મંજૂરી

# અમરેલી શહેરમાં ભેળસેળીયા તત્વોને લીલા લ્હેર

**ફૂડ વિભાગમાં એકાદ–બે કર્મચારી હોવાથી કોઈ તપાસ કે નમૂના લેવામાં આવતાં નથી**

**બનાવટી દૂધ વેચો કે બનાવટી તેલથી ફરસાણ વેચો કે પછી બનાવટી પનીર વેચો કોઈ પુછવાવાળુ જ નથી**

**ફરસાણ અને મીઠાઈનાં અમુક વેપારીઓ પાસે અઢળક પ્રમાણમાં કાળુધન સંગ્રહ થઈ રહ્યું છે**

**જીએસટી અને આવક વેરા વિભાગ તપાસ કરે તો મીઠાઈની દુકાનધારક પાસેથી લાખો રૂપિયાનું કાળુધન ઝડપાઈ શકે તેમ છે**

પ્રતિકાત્મક તસ્વીર







અમરેલી, તા. ૧૬

અમરેલી શહેરમાં બિલાડીનાં ટોપની જેમ ફૂટી નીકળતાં ખાણી–પીણી, મીઠાઈ, ફરસાણનાં મોટાભાગનાં વેચારીઓ બનાવટી તેલ, ઘી, દૂધ, પનીર સહિતનો ઉપયોગ કરીને શહેરીજનોનાં આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરી રહ્યા હોય ફૂડ વિભાગ હપ્તાબાજીમાં વ્યસ્ત હોવાથી કોઈ તપાસ કે નમૂના લેવામાં આવતા નથી.

અમરેલી શહેરમાં ૩૦૦ જેટલી ખાણી–પીણીની રેંકડીઓ, કેબિનોથી લઈને આલીશાન મીઠાઈ અને ફરસાણની દુકાનો ધમધમી રહી છે અને દર વર્ષે કરોડો રૂપિયાનો વેપાર કરવામાં આવી રહ્યો છે.

જે વેપારીનું ટર્નઓવર વર્ષે દહાડે ૫૦ લાખથી લઈને એકથી ત્રણ કરોડ જેટલું છે તેઓને ત્યાં જીએસટી અને આવકવેરા વિભાગ તપાસ કરે તો લાખો રૂપિયાનું કાળુધન મળી શકે તેમ છે. બે–પાંચ વર્ષમાં જ એકાદ કરોડની દુકાનો કરનાર મીઠાઈ–ફરસાણનાં વેપારીઓ પાસે મોટી રકમ આવે છે જન આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે તે હકીકત છે.

એક તરફ શહેરીજનો વિવિધ પ્રાથમિક સુવિધાઓ માટે આમથી તેમ ભટકી રહ્યા છે. તેવા સમયે ખાણી–પીણીનાં વેપારીઓ શહેરીજનોનાં આરોગ્ય સાથે રમત રમીને મહાપાપ કરી રહ્યા છે. ત્યારે શહેરીજનોનાં આરોગ્યની સુરક્ષા સરકાર તો કરી શકતી નથી પરમ કૃપાળુ પરમાત્મા કરે તેવી જ આશા રાખવી પડે છે.

## રાની પશુઓ સીમ છોડીને શહેરમાં

# લ્યો બોલો : સાવરકુંડલા શહેરમાં આવેલ પેટ્રોલ પંપમાં સિંહનું આગમન

**૩ સિંહોએ એક પશુનો કર્યો શિકાર**





અમરેલી, તા. ૧૬

ગીરનાં ડાલામથ્થા સાવજોએ જંગલ તો છોડયું પણ હવે સીમ પણ છોડીને સાવરકુંડલામાં તદન શહેરની નજીક પેટ્રોલ પંપમાં ખુલ્લે આમ કમ્પાઉન્ડમાં શિકાર ઝડપ્યો. વહેલી સવારે હાઈવે સૂર્યોદય પેટોલ પંપમાં રાત્રે અંદાજે ૨ વાગ્યાના સુમારે ૩ સિંહો ઘૂસ્યા હતાં. એક પશુનો શિકાર કરી મિજબાની માણી.

અમરેલી જીલ્લામાં સિંહો શિકારની શોધમાં જંગલ વિસ્તાર છોડી ગ્રામ્ય વિસ્તારમાં લટાર મારી રહ્યા છે. ખાસ કરીને હાઈવે પટ્ટી પર અનેક વખત સિંહોની લટાર જોવા મળે છે. ત્યારે હાલ વધુ એક વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. સાવરકુંડલામાં અમરેલી રોડ ઉપર શિકારની શોધમાં આવેલા સિંહે એક પશુનો શિકાર કર્યો હતો. જે બાદ મિજબાની માણી હતી.

સાવરકુંડલાના શૈક્ષણિક અને ક્ષત્રીય અગ્રણી પ્રતાપભાઈ ખુમાણની માલિકીના સૂર્યોદય પેટ્રોલપંપનાં ગ્રાઉન્ડમાં જ ૩ સિંહોએ રેઢિયાર પશુ પાછળ દોટ મુકી હતી. જે બાદ સિંહો પેટ્રોલ પંપમાં ઘુસ્યા હતા. સિંહો અને પશુની દોડધામ વહેલી સવારની છે. અહીં પંપમાં કામ કરતા કર્મચારીઓ અંદર સુરક્ષિત હોવાને કારણ માનવ ઈજાઓની ઘટના બની નહોતી. જે બાદ મિજબાની માણી હતી.

આ ઘટનાક્રમ સીસીટીવી ફુટેજમાં કેદ થતા વિડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે. પશુ જીવ બચાવવા પેટ્રોલપંપ નજીક દોડધામ કરી રહ્યુંહતું. આ વચ્ચે સિંહ પાછળથી તરાપ મારી ગણતરીની સેકન્ડમાં પશુનો શિકાર કરે છે. આ પ્રકારની ઘટના સિમ વિસ્તાર રેવન્યુ વિસ્તારમાં જોવા મળતી હોય છે પરંતુ હવે આ ઘટનાઓ સામાન્ય મોટાભાગે હાઈવે સહિત શહેર અને ગામડાઓ વિસ્તારમાં બનવા લાગી છે. સિંહો શિકારની શોધમાં પેટ્રોલપંપ સુધી આવી ચડતા રીતસર પશુમાં નાસભાગ મચી હતી, અંતે જંગલના રાજાએ શિકાર કરી મારણ કર્યુંહતું. પંપના સંચાલકો ઉઠી જતા વાહનોની અવર જવર વધતા સિંહો દૂર વિસ્તારમાં નીકળી ગયા હતાં.

## ગરીબોનાં હકક કિસ્સાનાં ઘઉં હોવાનુ શંકાસ્પદ જણાતા

# નાગેશ્રી પોલીસે બિન અધિકૃત ૪૦ બોરી ઘઉં અને ટ્રકને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી શરૂ કરી

**રૂપિયા ૧.૩૦ લાખનો ઘઉં અને ટ્રક સહિતનો મુદ્દામાલ કબ્જે**



અમરેલી, તા. ૧૬

નાગેશ્રી પો.સ્ટેના પોલીસ સબ ઈન્સ્પેકટર પી.વી.પલાસ તથા પોલીસ સ્ટાફ દ્વારા તા. ૧૬/૯/૨૪ના શરૂ રાત્રીના બંદોબસ્ત/પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકીકત આધારે ગેરકાયદેસર આધાર પુરાવા વગરનો શકપડતો મુદામાલ ઘઉંની બોરીઓ અશોક લેલન્ડ ટેમ્પો જેના રજી.નં. જી.જે.–૦૮ વાય ૫૬૬૮માં ભરી મળી આવેલ હોય જે ઘઉંની બોરીઓ ટેમ્પામાં ભરેલ તે ગણતરી કરી જોતા કુલ–૪૦ બોરીઓમાંથી ઘઉં ભરેલ છે. જે એક બોરીમાં ૫૦ કિલ્લો ઘઉં ભરેલ છે. જેથી કુલ–૪૦ બોરીઓમાં કુલ ૨૦૦૦ કિલ્લો ઘઉં મળી આવેલ જે ઘઉંનો જથ્થો મજકુર ઈસમોએ કોઈપણ આધાર પુરાવા વગર પોતાના કબ્જામાં રાખી હેરફેર કરી મળી આવેલ જેથી આ ઘઉંનો જથ્થો ચોરી અથવા ચળકપટથી મેળવેલ હોવાનું જણાતા અને આ ઘઉંનો જથ્થો શકપડતો મુદામાલ હોવાથી એક કિલ્લો ઘઉંની કી.રૂ. ૧૫ લેખે કુલ – ૨૦૦૦ કિલ્લો કી.રૂ. ૩૦,૦૦૦ ગણી તથા અશોક લેલન્ડ કંપનીનો ફોર વ્હીલ ટેમ્પો જેના રજી. જી.જે.–૦૮ વાય ૫૬૬૮ વાળો જેની કિંમત રૂા. ૧,૦૦,૦૦૦ મળી કુલ મુદામાલ કી. રૂા. ૧,૩૦,૦૦૦ ના મુદામાલ સાથે પકડી પાડી બીએએસએસ કલમ ૩(૧)ઈ, ૧૦૬ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. પકડાયેલ આરોપી મુસ્તાકભાઈ ઉર્ફે બાપુ જુમાશા પઠાણ, આરીફશા સુલેમાનશા કનોજીયા, રહે. ટીંબી, ઘઉં ભરેલ બોરીઓ કુલ – ૪૦, કુલ ઘઉં કિલ્લો–૨૦૦૦ જેની કિંમત રૂા. ૩૦,૦૦૦ એક અશોક લેલન્ડ કંપનીનો ફોર વ્હીલ ટેમ્પો જપ્ત કરવામાં આવેલ છે. આ કામગીરી નાગેશ્રી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર પી.વી. પલાસ તથા હેડ કોન્સ. પી.એલ. મકવાણા તથા નાગેશ્રી પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

## યુવતીને તેડવા જતાં આરોપીએ ધમકી આપી

# ધારીનાં દલખાણીયા પરા વિસ્તારમાં યુવક ઉપર છરી વડે હુમલો થતાં ફરિયાદ

**આરોપી અક્ષયભાઈ પટોળીયા વિરૂધ્ધ કાર્યવાહી**

અમરેલી, તા. ૧૬

ધારી તાલુકાના દલખાણીયાપરા વિસ્તારમાં આવેલ ખોડીયાર મંદિરની પાછળ રહેતા કાનજીભાઈ ખોડાભાઈ સુખડીયાના દીકરા ચિરાગને ગામના પાયલબેન જયંતિભાઈ સાવલીયા સાથે બોલતો હોય તેમજ પાયલબેન તથા પાયલબેનના માતા–પિતા કાનજીભાઈની વાડીએ મજુરી કરવા આવતા હોય. જે તે જ ગામે રહેતા આરોપી અક્ષયભાઈ બટુકભાઈ પટોળીયાને ગમતુ ન હોય અને ચિરાગ તેની વાડીએ મજુરી કામ કરવા માટે પાયલ તથા પાયલના મમ્મીને તા. ૧૩ના રોજ બપોરે ૧ વાગ્યે તેડવા પાયલબેનના ઘર પાસે જતા જે આરોપીને સારૂ નહી લાગતા આરોપીએ ચિરાગને જેમફાવે તેમ ગાળો આપી કમરમાંથી છરી કાઢી ચિરાગને જાનથી મારી નાખવાના ઈરાદે પડખાના ભાગે છરી મારી દઈ ગંભીર ઈજા કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# બાબરામાં મુસ્લિમ સમાજના ધર્મગુરૂં નબી સાહેબના જન્મદિવસે ઝુલુસ નીકળ્યું







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં સમસ્ત મુસ્લિમ સમાજ ધ્વારા જશ્ન ઈદે મિલાદુનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મુસ્લિમ સમાજના ધર્મ ગુરૂ નબી સાહેબના જન્મદિવસ પર દર વર્ષે જશ્ન ઈદે મીલાદુનની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. અહી ઈ ગરશા પીરની દરગાહ ખાતે આ ઝુલુસ નીકળે છે મોટી સંખ્યામાં સમસ્ત મુસ્લિમ સમાજના લોકો ઉત્સાહ સાથે જોડાય છે આ ઝુલુસ શહેરના વિવિધ માર્ગો અને મુખ્ય બઝારોમાં ફરી અહીં ઈ ગોરશા પીરન દરગાહ ખાતે સાંજે પૂર્ણ થાય છે ત્યારબાદ કેક કાપી નાખી નબી સાહેબનો જન્મ દિવસ ઉજવાય છે અને સમૂહ ન્યાજનું આયોજન કરવામાં આવે છે. જેનો લાભ મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો પરિવાર સાથે મેળવે છે. સમગ્ર ઝુલુસ દરમિયાન બાબરા પોલીસના પીઆઈ અને પીએસઆઈ સહિતનો પોલીસ સ્ટાફ ધ્વારા પૂરતો બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો.

## સત્તાધારી પક્ષનાં આગેવાને જ સ્વીકાર કર્યો કે ભાજપમાં ૩૦ વર્ષનાં શાસનનો કોઈ ફાયદો ન મળ્યો

# અમરેલીમાં ઉદ્યોગો ચલાવનારને ''પરમવીર ચક્ર'' આપવા પડે : ડો. કાનાબાર

**જીઆઈડીસી વિસ્તારનાં સેંકડો ઉદ્યોગગૃહો આજે માર્ગની પરેશાની ભોગવે છતાં કોઈ આગેવાન મદદે આવતા નથી**

**સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયાનાં માહોલમાં વેપાર-ઉદ્યોગ ચલાવવો એ કપરૂ કામ**

**જિલ્લામાં વિકાસની ગુલબાંગો ફેંકતા આગેવાનોને પરોક્ષ રીતે તમાચો મારી દીધો**

**ભાજપ અગ્રણીનો આત્મા હજુ જાગૃત હોવાથી તેઓ સત્ય બાબત કહી રહ્યા છે**



અમરેલી, તા. ૧૬

અમરેલી, ગુજરાત સહિત સમગ્ર દેશમાં મોદી સરકારમાં વિકાસ ફુલ્યો ફાલ્યો છે તેવા દાવાઓ સરકાર અને સત્તા પક્ષ તરફથી થઈ રહ્યા છે. તેવા સમયે અમરેલીનાં ઉદ્યોગોની વાસ્તવિકતા અંગે ભાજપ અગ્રણી ડો. કાનાબારે શ્યલ મીડિયામાં એક સંદેશ વાયબલ કરીને ભાજપનાં ગુજરાતમાં ૩૦ વર્ષનાં શાસનમાં અમરેલીનાં ઉદ્યોગોની હાલત કેવી દયનીય બની છે તેનો ઘટસ્ફોટ કરીને ભાજપ સરકારનાં વિકાસનાં દાવાઓ કેટલા પોકળ છે તે સાબિત કર્યુ છે.

તેઓએ સંદેશમાં જણાવેલ છે કે, રાજુલા-જાફરાબાદના દરિયાકાંઠાની સિમેન્ટ ફેકટરીઓને બાદ કરતા અમરેલી શહેરમાં આવેલ જીઆઈડીસી સમગ્ર જિલ્લામાં એક માત્ર જીવતી બચેલ ઔદ્યોગિક વસાહત છે. તેમાં તૈયાર થતાં પ્રોડકશનને બહાર લઈ જવા માટે વર્ષોથી રેલ્વે ટ્રેકને સમાંતર જતો રસ્તો વપરાતો જે એક પ્રાઈવેટ ખુલ્લા પ્લોટમાંથી પસાર થતો. આ પ્લોટની માલિકી બદલાતા નવા માલિકોએ આ ખુલ્લા પ્લોટમાંથી વાહનોની અવરજવર અટકાવી દીધી છે.

વધુમાં જણાવેલ છે કે, જીઆઈડીસી હયાતીમાં આવી ત્યારથી તેના નકશાઓમાં અંકિત ૧૮ મીટર પહોળો રોડ તેને હનુમાનપરામાં થઈ બાયપાસ સાથે જોડે છે પણ આજે તે રસ્તા પર થયેલ બાંધકામોને કારણે રસ્તો ઘણી જગ્યા ખૂબ સાંકડો થઈ ગયો છે જેના પર મોટી ટ્રકો અને માલવાહક ટ્રેલરો ચલાવવા કઠિન છે અને અકસ્માતનો સતત ભય રહે છે.

વધુમાં જણાવેલ છે કે, કોઈ વ્યકિતને હાથ-પગ બાંધી વહેતા પાણીના પ્રવાહમાં ફેંકી દેવામાં આવે તો તેને તરતા આવડતું હોય તો પણ ડૂબી જાય !!

અમરેલી જીઆઈડીસીમાં ચાલતા નાના ઉદ્યોગો આજે આ પરિસ્થિતિમાં મુકાય ગયા છે જેમાંથી તેમને ઉગારવા અમરેલીનાં રાજકીય આગેવાનો અને જિલ્લાનું વહીવટી તંત્ર આગળ આવે તેવી લોકોની અપેક્ષા છે તેમ અંતમાં જણાવેલ છે.

---

**એસપીની સુચનાથી ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલાયો**

## સાવરકુંડલામાં લુંટ ચલાવનાર આરોપીને સ્થાનિક પોલીસ અને એલસીબીએ દબોચી લીધો

**આરોપી અરવિંદ નગવાડીયાની અટકાયત**



અમરેલી, તા. ૧૬

સાવરકુંડલા ગામે ગણેશવાડી વાળા ચંપાબેન બાબુભાઈ ચોટલીયા નામનાં ૬૫ વર્ષિય વૃધ્ધા ગત તા.૧૪ના રોજ સવારના સાડા છએક વાગ્યે સાવરકુંડલામાં રઘુવંશીપરમાં આવેલ રામજી મંદીરે દર્શન કરીને પોતાને ઘરે ચાલીને જતા હોય તે દરમિયાન એક અજાણ્યા ઈસમ મોટર સાયકલ લઈ આવી ચંપાબેનને ધક્કો મારી પછાડી દઈ, બન્ને કાનમાં પહેરેલ સોનાની કડી કિમત રૂપિયા ૩૦,૦૦૦ની આંચકો મારી લુંટ કરી નાશી ગયેલ હતો. જે અંગે ચંપાબેન પોલીસમાં ફરીયાદ આપતા અજાણ્યા આરોપી વિઢપ્રધા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી. અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂપ્રધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેકટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું. જે અન્વયે સાવરકુંડલા ડીવીઝનના મદદ પોલીસ અધિક્ષક વલય વૈદ્યની રાહદબરી હેઠળ અમરેલી એલ.સી. બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા સાવરકુંડલા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ. ડી. કે. વાઘેલાએ એલ.સી.બી. તથા સાવરકુંડલા ટાઉનની ટીમો બનાવી, ઉપરોકત લુંટના ગુનાના આરોપી અરવિંદ સોમાભાઈ નગવાડીયા, (રહે. સાવરકુંડલા) વાળાને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે લુંટમાં ગયેલ સોનાની કડી નંગ ૨. કિમત રૂપિયા ૨૫,૦૦૦ તથા ધોળા રેલ્વે પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી થયેલ મોટર સાયકલ સાથે પકડી પાડી, લુંટ તેમજ મોટર સાયકલ ચોરીનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરવામાં સફળતા મળેલ છે.

---

## પ્રદેશ ભાજપનાં પ્રવકતા શૈલેષ પરમારનો આજે જન્મદિન



અમરેલી, તા. ૧૬

પ્રદેશ ભાજપ મીડિયા ટીમના સદસ્ય અને ડિબેટ પ્રવકતા શૈલેષ પરમાર નો આજે ૪૯ મો જન્મ દિવસ તેઓ સાદાઈ થી જરૂરિયાતમંદ બાળકો સાથે ઉજવશે. શૈલેષ પરમારે બી. ઈ. મિકેનિકલ એન્જિનિયર સાથે એલ એલ બી અને માસ્ટર ઓફ જર્નાલીઝમ સુધીનો અભ્યાસ કરેલ છે તેઓ નું વતન અમરેલી છે અને હાલ ગાંધીનગર ખાતે સ્થાઈ થયા છે તેઓનું રાજકીય જીવન સફરમાં અમરેલી જિલ્લા પંચાયત સિંચાઈ સમિતિમાં ચેરમેન અને પ્રદેશ ભાજપ અનુજાતી મોરચામાં પ્રદેશ મંત્રીની જવાબદારી સંભાળી હતી. તેમજ સહકારી ક્ષેત્રમાં શૈલહરી ક્રેડિટ કોઓપરેટિવ સોસાયટી લી.માં પણ ચેરમેન તરીકે સેવા આપે છે જિલ્લા ભાજપ અને પ્રદેશ ભાજપમાં પણ લાંબા સમયથી કાર્ય કરે છે. પંચાયત ક્ષેત્રે કામગીરીના કારણે ગ્રામીણ જીવનના પ્રશ્નો માટે સતત કામ કરતા રહ્યા છે શૈલેષભાઈ ટીવી ડીબેટમાં સરકારની બાબતને ખૂબ અભ્યાસ સાથે વાત રજુ કરવામાં સફળ રહ્યા છે.

જયારે વર્ષ ૨૦૧૭ માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ડિજિટલ ઈન્ડિયા અને કેશલેસ એટલે કે રોકડ નાણાંનો ઉપીયોગના કરવાના અભિગમને સાર્થક કરવા શૈલેષ પરમારે પોતે વર્ષ ૨૦૧૭ માં પૂર્ણ કેશલેસ રહેવાનું નક્કી કર્યુ ત્યાર થી તેઓ 'કેશલેસ મેન' થી જાણીતા બન્યા હતાં. ખુબ બહોળું મિત્ર મંડળ ધરાવતા શૈલેષ પરમારને મિત્ર વર્તુળ દ્વારા શુભેચ્છાઓ મળી રહી છે.

---

**શહેરનાં રાજમાર્ગો, સરકારી જમીન અને ફૂટપાથ બાદ**

## અમરેલીનાં ''રાજમહેલ''નાં પટાંગણમાં પણ કેબિનોનું દબાણ કરવામાં આવતાં આશ્ચર્ય

**ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓની નજરે દબાણ આવતુ નથી**




અમરેલી, તા. ૧૬

અમરેલી શહેરની ભૂમિ એ ગોપાલ કી હોય તેમ મનફાવે ત્યાં જમીન, ફૂટપાથ કે રાજમાર્ગો ઉપર દબાણ કરો કોઈ પુછવાવાળુ નથી. પાલિકા અને માર્ગ-મકાન વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયા છે એટલે દિનપ્રતિદિન શહેરમાં દબાણ થયા કરે અને ટ્રાફિક પોલીસને પણ કોઈ ચિંતા નથી.

શહેરનાં રાજમાર્ગો અને ફૂટપાથ પર દબાણ બાદ હવે જયાં ઉચ્ચ અધિકારીઓ બિરાજમાન છે તેવા ''રાજમહેલ''નાં પટાંગણમાં કેબિનોનો ખડકલો શરૂ થયો છે તો ખાનગી વાહનોનું પણ બિન સત્તાવાર પાર્કિંગ જોવા મળી રહ્યું છે.

વહીવટી તંત્ર વાતાનુકુલિન કચેરીમાં વિકાસનાં આયોજનો કર્યા કરે અને વાસ્તવિકતા અતિ વિકરાળ બની રહી હોય નાયબ દંડક અને સાંસદે શહેરનાં જાહેર માર્ગો પર પદયાત્રા યોજીને નાની-મોટી સેંકડો પ્રકારની સમસ્યાનું નિરાકરણ કરાવવું જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

---

## લાપાળિયામાં જલજીલણી એકાદશીની ઉજવણી



અમરેલી, તા. ૧૬

અમરેલીના લાપાળિયા ગામે રામજી મંદિર ખાતે હરિરામબાપુ ધ્વારા શરૂ કરવામાં આવેલી પરંપરા મુજબ પૂજારી મુનાબાપુની આગેવાનીમાં જલજીલણી એકાદશીની ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. શેત્રુંજી નદીમાં ઠાકોરજીને ધામધૂમથી સ્નાન કરાયા બાદ ગામમાં ઘરે ઘરે વાજતે ગાજતે ઠાકોરજીની પધરામણી કરવામાં આવી હતી. જયસુખભાઈ લણાગરીયાના નિવાસ સ્થાને ઠાકોરજીનું રાત્રિ રોકાણ કરવામાં આવ્યું હતું. અને રાસગરબા સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં.


**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦







**બાબરામાં મકાન વેચવાનું છે**

બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે ૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ

રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં - બાબરા

સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦












### મોદીએ ચોથી ગ્લોબલ રિન્યૂએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મિટ અને એક્સ્પોનો પ્રારંભ કરાવ્યો

# ૨૧મી સદીના ઇતિહાસમાં ભારતનો સૌરક્રાંતિનો અધ્યાય સુવર્ણ અક્ષરે લખાશે : વડાપ્રધાન મોદી

## વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતની રિન્યુએબલ એનર્જી કેપેસીટી ૫૦૦ ગીગાવોટ સુધી પહોંચાડવા માટે ગ્રીન ટ્રાન્ઝીશનને જન આંદોલન બનાવાયું છે : મોદી

ગાંધીનગર, તા.૧૬

ચોથી ગ્લોબલ રિન્યૂએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મિટ અને એક્ષ્પોનો ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી શુભારંભ કરાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઊર્જાના ભવિષ્ય, ટેક્નોલૉજી અને પોલિસીનિર્માણના ચિંતન પર્વ તરીકે ગણાવતા જણાવ્યું હતું કે એકબીજાના અનુભવ આધારિત આ વિચારમંથન વૈશ્વિક માનવતાના કલ્યાણ માટે લાભદાયી બનશે. વડાપ્રધાને જણાવ્યું હતું કે, દેશમાં ૬૦ વર્ષ પછી જનતાએ કોઈ સરકારને સતત ત્રીજી વખત સત્તાનું સુકાન સોંપ્યું છે, એ જ દર્શાવે છે કે ૧૪૦ કરોડ દેશવાસીઓને સરકાર પર ભરોસો છે. કેન્દ્ર સરકારના છેલ્લાં ૧૦ વર્ષના સુશાસનમાં દેશના યુવાનો-મહિલાઓની આકાંક્ષાઓને જે પાંખો મળી છે, તેને નવી દિશાની ઉડાન માટે પ્રેરક બળ મળી રહેશે. દેશના ગરીબ, દલિત, શોષિત, પીડિત અને વંચિતોને ભરોસો છે કે તેમના ગરિમાપૂર્ણ જીવનનો પાયો બનશે. વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક સત્તા બનવા તરફ અગ્રેસર થવા માટે સમગ્ર દેશ આજે સંકલ્પબદ્ધ થઈને કામ કરી રહ્યો છે. ત્યારે આજની ઈવેન્ટ ૨૦૪૭માં વિકસિત ભારતના નિર્માણની સ્વપ્રસિદ્ધી તરફના પ્રયાણનો મક્કમ નિર્ધાર છે, જે સરકારની ત્રીજી ટર્મના પ્રથમ ૧૦૦ દિવસના કાર્યકાળમાં પ્રતિબિંબિત થાય છે. જેમાં દેશના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ એવા તમામ સેકટર્સ અને ફેકટર્સને પ્રધાન્ય આપવામાં આવ્યું છે, જે માત્ર ટ્રેલર સમાન છે.

વડાપ્રધાને આ તકે જણાવ્યું કે કેન્દ્ર સરકાર દેશના દરેક પરિવારને છત મળે એ માટે મક્કમ છે. જેના માટે કેન્દ્ર સરકારે ૭ કરોડ આવાસ નિર્માણનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. જેમાંથી ગત ૧૦ વર્ષ દરમિયાન ચાર કરોડ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યારે આ ત્રીજી ટર્મમાં વધુ ત્રણ કરોડ આવાસોનું નિર્માણ કરવામાં આવનાર છે.

કેન્દ્ર સરકારના પ્રથમ ૧૦૦ દિવસમાં ૧૨ નવા ઈન્ડસ્ટ્રીયલ સિટી, ૮ હાઈસ્પીડ રોડ કોરિડોર, ૧૫થી વધુ સેમિ હાઈસ્પીડ મેડ ઈન ઈન્ડિયા વંદે ભારત ટ્રેન લૉન્ચ થઈ ચૂકી છે. તદુપરાંત, હાઈપરફોર્મન્સ બાયો મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે એક ટ્રિલિયન રૂપિયાનું રિસર્ચ ફંડ ફાળવવામાં આવ્યું છે તેમજ ગ્રીન એનર્જી ક્ષેત્રે ઑફશોર વિન્ડ માટેની યોજના અંતર્ગત રૂ. ૭,૦૦૦ કરોડનો ખર્ચ થશે. જ્યારે ૩૧ હજાર મેગાવૉટ હાઈડ્રોપાવર જનરેશન માટે રૂ. ૧૨,૦૦૦ કરોડથી વધુનો ખર્ચ થશે.દેશની ડાયવર્સિટી, કેપેસિટી, સ્કેલ, પોટેન્શિયલ, પરફોર્મન્સ – આ તમામ બાબતોને યુનિક ગણાવી, વડાપ્રધાનશ્રીએ ઈન્ડિયન સોલ્યુશન ફોર ગ્લોબલ એપ્લિકેશનનો મંત્ર આપતાં જણાવ્યું હતું, કે દુનિયા આ બાબતને બરાબર સમજે છે. આજે ભારતમાં ગ્લોબ ફિનટેક ફેસ્ટ, ગ્લોબલ સેમિકંડક્ટર સમિટ, સોલાર ફેસ્ટિવલ, સિવિલ એવિએશન મિટ, જેવા વૈશ્વિક આયોજનો થઈ રહ્યા છે. વડાપ્રધાને ગૌરવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ જ ગુજરાતની ધરતી શ્વેત ક્રાંતિ, મધુ ક્રાંતિ બાદ સૌરક્રાંતિની પણ પ્રણેતા બની છે. ગુજરાતે જ દેશમાં સૌ પ્રથમ સોલાર પાવર પોલિસી બનાવવા અને ક્લાયમેટ ચેન્જના વિભાગો શરૂ કરવાની પહેલ કરી છે. આ મહાત્મા ગાંધીની એ ભૂમિ છે, જેમણે વર્ષો પહેલાં મિનિમમ કાર્બન ફૂટ પ્રિન્ટયુક્ત જીવનનું ઉદાહરણ આપી, સમગ્ર વિશ્વનું ધ્યાન પર્યાવરણ રક્ષા તરફ દોર્યું હતું, જ્યારે દુનિયામાં કોઈ ક્લાયમેટ ચેન્જની ચર્ચા પણ નહોતું કરતું. 'ગ્રીન ફ્યુચર, નેટ ઝીરો' એ શબ્દો ભારત માટે કોઈ ફેન્સી વર્ડ્ઝ નથી, પરંતુ તે ભારતની જરૂરિયાત છે, કમિટમેન્ટ છે. જે દર્શાવે છે કે ભારત સમગ્ર માનવજાતની ચિંતા કરે છે અને સમગ્ર વિશ્વને રાહ ચીંધતા જવાબદારીપૂર્વકના અનેક પગલાં પણ લીધાં છે. જેના માધ્યમથી આગામી સેંકડો વર્ષનો પાયો તૈયાર કરવામાં આવી રહ્યો છે.

તેમણે દૃઢતાપૂર્વક જણાવ્યું હતું કે ભારત ટોચ પર પહોંચવા માટેજ નહીં, પરંતુ ટોચ પર સતત ટકી રહેવા માટે પુરુષાર્થ કરી રહ્યો છે. આપણને ખબર છે કે આપણી પાસે ઓઈલ-ગેસના ભંડારો નથી, એટલે સોલાર, વિન્ડ, ન્યૂક્લિયર અને હાઈડ્રો પાવર પર ધ્યાન કેન્દ્રિત કરી, ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણનનો સંકલ્પ કર્યો છે. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે જી-૨૦ સમિટમાં ભારત જ એકમાત્ર એવો દેશ છે, જેણે પેરિસના કલાયમેટ કમિટમેન્ટને નિર્ધારિત સમયના નવ વર્ષ પહેલાં જ હાંસલ કરી, વિકસિત દેશો પણ ન કરી શકે, તેવી સિદ્ધી મેળવી છે.

વડાપ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતની રિન્યુએબલ એનર્જી કેપેસીટી ૫૦૦ ગીગાવોટ સુધી પહોંચાડવા માટે ગ્રીન ટ્રાન્ઝીશનને જન આંદોલન બનાવવામાં આવ્યું છે.

સોલાર રૂફટોપ માટેની "પી.એમ સૂર્ય ઘર" એક યુનિક યોજના છે, જે ગ્રીન ટ્રાન્ઝીશનને પૂર્ણ કરવા માટેનું મહત્વપૂર્ણ માધ્યમ પૂરવાર થશે. પી.એમ સૂર્ય ઘર યોજના પર્યાવરણના જતનની સાથે પરિવારોના આર્થિક ભારણને ઘટાડશે અને દરેક ઘરને પાવર પ્રોડ્યુસર બનાવશે. અત્યાર સુધીમાં આ યોજના અંતર્ગત ૧.૩૦ કરોડ પરિવારોએ નોંધણી કરાવી છે. જે પૈકીના અંદાજે સવા ત્રણ લાખ ઘરોમાં સોલાર રૂફટોપ પેનલનું ઈંસ્ટોલેશન પૂર્ણ કરવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું કે, એક નાના પરિવારને મહિનામાં આશરે ૨૫૦ યુનિટ વીજ વપરાશ થાય છે, તેની સામે સોલાર રૂફટોપ ઈંસ્ટોલેશન થવાથી આ પરિવારો મહીને ૧૦૦ યુનિટ વીજળી ઉત્પાદિત કરીને પાવર ગ્રીડને આપીને વાર્ષિક રૂ. ૨૫,૦૦૦ જેટલી બચત કરે છે. બચતના આ રૂ. ૨૫,૦૦૦ જોઁ હ્ર એકાઉન્ટમાં જમા કરાવે તો, ૨૦ વર્ષ પછી આ રકમ આશરે ૧૦થી ૧૨ લાખ જેટલી થશે, જે એક સામાન્ય પરિવારના બાળકોના ભણતર અને લગ્ન સહિતના પ્રસંગોમાં મદદરૂપ થશે.

પીએમ સૂર્ય ઘર યોજના માત્ર વીજળી ઉત્પાદન જ નહિ, પરંતુ પર્યાવરણના જતન અને રોજગારી માટેનું વિશેષ માધ્યમ બનશે. આ યોજનાથી આશરે ૨૦ લાખ જેટલી રોજગારીનું નિર્માણ થશે. આ યોજના અંતર્ગત દેશના ૩ લાખ યુવાનોને કૌશલ્યવાન બનાવવામાં આવશે. સાથે જ, પ્રતિ ૩ કિલોવોટ વીજળી પેદા કરવાથી ૫૦ થી ૬૦ ટન કાર્બન ડાયોકસાઈડનું ઓમીશન ઘટશે. એટલે, પીએમ સૂર્ય ઘર યોજના સાથે જોડાનાર પ્રત્યેક પરિવાર ક્લાઈમેટ ચેન્જનો મુકાબલો કરવામાં પણ મોટો ફાળો આપશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

૨૧મી સદીના ઈતિહાસમાં ભારતની સોલાર ક્રાંતિ સોનેરી અક્ષરે લખાશે, તેમ કહી વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના મોઢેરા ગામમાં પ્રાચીન સૂર્ય મંદિર આવેલું છે. આ ગામ આજે ભારતના પ્રથમ "સોલાર વિલેજ" તરીકે પ્રસ્થાપિત થયું છે. મોઢેરાની તમામ વીજ જરૂરિયાતો સોલાર વીજળીથી જ પૂર્ણ થઈ રહી છે. આગામી સમયમાં ભારતના આવા અનેક ગામોને સોલાર વિલેજ તરીકે વિકસાવવામાં આવશે.

તેવી જ રીતે, સૂર્યવંશી ભગવાન શ્રી રામની જન્મભૂમિ અયોધ્યાને પણ દેશના સૌપ્રથમ મોર્ડન સોલાર સીટી તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. અયોધ્યામાં સ્ટ્રીટલાઈટથી લઈને ઘર સુધીની તમામ વીજ જરૂરિયાત સોલારથી જ પૂર્ણ કરવામાં આવશે. આગામી સમયમાં ભારતના ૧૭ શહેરોને સોલાર સીટી તરીકે વિકસાવવામાં આવશે. સાથે જ, દેશના ખેડૂતોને પણ સોલાર પાવર જનરેશન માટે સોલાર વોટરપંપ આપવામાં આવી રહ્યા છે.

ભારત આગામી સમયમાં ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રે ગ્લોબલ લીડર બનવા તરફ આગળ વધી રહ્યું છે, તેમ કહેતા વડાપ્રધાને ઉમેર્યું હતું કે, ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રને વેગ આપવા ભારતે રૂ. ૨૦,૦૦૦ કરોડનું "ગ્રીન હાઈડ્રોજન મિશન" અમલમાં મૂક્યું છે. સાથે જ, ભારતમાં રિ-યુઝ અને રિ-સાઈકલ સાથે જોડાયેલી શ્રેષ્ઠ ટેકનોલોજી વિકસિત થાય તે માટે સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત પર્યાવરણના જતન માટે ભારતે વિશ્વને "મિશન લાઈફ"નું વિઝન આપ્યું છે.

તેમણે ભારતની વિશેષ પહેલો અંગે વાત કરતા કહ્યું હતું કે, ભારતે "ઈન્ટરનેશનલ સોલાર અલાયન્સ"ની પહેલ કરીને અનેક દેશોને આ ક્ષેત્રે જોડાવાનું સરાહનીય કામ કર્યું છે. જી-૨૦ સમિટ દરમિયાન ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયંસ પણ લોન્ચ કર્યું હતું. આગામી દશકના અંત સુધીમાં ભારતીય રેલ્વેને પણ નેટ ઝીરો બનાવવાનું લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યું છે. સાથે જ, વર્ષ ૨૦૨૫ સુધીમાં પેટ્રોલમાં પણ ૨૦ ટકા ઈથેનોલનું મિશ્રણ કરવામાં આવશે. પર્યાવરણના જતન માટે ભારતના નાગરિકોએ હજારો ગામોમાં અમૃત સરોવરોનું નિર્માણ કર્યું છે તેમજ પોતાની માતાના નામથી એક વૃક્ષનું વાવેતર કરીને "એક પેડ મા કે નામ" અભિયાનને પણ વેગ આપ્યો છે.

દેશમાં રિન્યુએબલ એનર્જીની માંગ સતત વધી રહી છે, ત્યારે વર્તમાન અને આગામી પેઢીના કલ્યાણ માટે વીજ જરૂરીયાતને પૂર્ણ કરવા ભારત સરકારે અનેકવિધ નવીન પહેલ-નીતિ તૈયાર કરી છે. એટલા માટે જ, રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં રોકાણ અને ઈનોવેશન માટે ભારત શ્રેષ્ઠ વિકલ્પ છે, તેમ કહી વડાપ્રધાને સૌ રોકાણકારોને ભારતના રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં રોકાણ કરવા આમંત્રિત કર્યા હતા.

### સૌરભ ભારદ્વાજે સીધા રામ સાથે સરખાવી દીધા

# જામીન પર છૂટેલા કેજરીવાલને નેતાએ ભગવાન રામ સાથે સરખાવી દીધા

## સત્તા પર રહેવાનું શક્ય નહીં હોવાથી કેજરીવાલે મુખ્યમંત્રીપદ પરથી રાજીનામાની જાહેરાત કરી હતી

નવી દિલ્હી,તા.૧૬

શરાબ કૌભાંડમાં જામીન પર છૂટેલા સીએમ અરવિંદ કેજરીવાલને તેમના પક્ષના નેતા અને દિલ્હી સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજે સીધા ભગવાન રામ સાથે સરખાવી દીધા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યા બાદ જેલમાંથી બે દિવસ પહેલાં બહાર આવ્યા છે. જો કે, સુપ્રીમ કોર્ટ દ્વારા લાદવામાં આવેલી આકરી શરતો અનુસાર સત્તા પર રહીને હોદ્દો સંભાળવાનું શક્ય નહીં હોવાથી જેલમાંથી બહાર આવ્યા બાદ ગઈકાલે રવિવારે કેજરીવાલે મુખ્યમંત્રીપદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. હવે છઁ નેતા અને દિલ્હી સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજે આજે સોમવારે આ સમગ્ર મામલાને લઈને પ્રેસ કોન્ફરન્સ કરી હતી. પોતાના આ સંબોધનમાં સૌરભ ભારદ્વાજે અરવિંદ કેજરીવાલની તુલના ભગવાન રામ સાથે કરી દીધી. તેમણે કહ્યું કે, ગઈ કાલે દિલ્હીમાં જે કંઈ થયું તેની ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે. AAPની PAC બેઠક આજે સાંજે યોજાશે. સૌરભ ભારદ્વાજે કહ્યું કે ઘણા લોકો પાસેથી સાંભળ્યું હતું કે ત્રેતાયુગમાં ભગવાન રામે સંજોગોને કારણે સિંહાસનનો ત્યાગ કર્યો હતો અને ૧૪ વર્ષ માટે વનવાસ પર ગયા હતા. જેના કારણે અયોધ્યાના લોકો પણ ખૂબ જ દુઃખી થઈ ગયા હતા. આ પછી તેમનું સિંહાસન મેળવનાર ભરતે પણ ભગવાન રામના ચરણપાદુકાને સિંહાસન પર રાખીને શાસન કર્યું. હવે ભગવાન રામ અને હનુમાનજીના ભક્ત અરવિંદ કેજરીવાલે પણ આવું જ કરીને રાજીનામું આપી દીધું છે અને કહ્યું છે કે,હવે તેઓ મુખ્યમંત્રીની ખુરશી પર ત્યારે જ બેસશે જ્યારે જનતા તેમને ફરીથી ચૂંટશે અને જવાબદારી સોંપશે. 'આપ' નેતાએ કહ્યું કે ભગવાન રામ સાથે કેજરીવાલની કોઈ સરખામણી ન થઈ શકે. તેઓ ભગવાન હતા. કેજરીવાલ ભગવાન રામ અને તેમના પરમ ભક્ત હનુમાનજીના ભક્ત છે. પરંતુ ત્રેતાયુગ પછી આવું પહેલીવાર બન્યું છે. આવતીકાલે અરવિંદ કેજરીવાલ રાજીનામું આપશે. રાજીનામું સ્વીકારાયા બાદ ધારાસભ્યોની બેઠક મળશે જેમાં નેતાઓની પસંદગી કરવામાં આવશે. અને તેઓ ફરીથી સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે.

### શિંદે જૂથના ધારાસભ્ય સંજય ગાયકવાડેનું નિવેદન

# રાહુલ ગાંધીની જીભ કાપનારને હું ૧૧ લાખનું ઈનામ આપીશ

## રાહુલ ગાંધી દ્વારા અનામત અંગેના નિવેદન પર મહારાષ્ટ્ર શિવસેના શિંદે જૂથના ધારાસભ્યએ આક્રોશ વ્યક્ત કર્યો

મુંબઈ,તા.૧૬

મહારાષ્ટ્રના બુલઢાણામાં શિવસેના શિંદે જૂથના ધારાસભ્ય સંજય ગાયકવાડે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિશે વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, "જે કોઈપણ રાહુલ ગાંધીની જીભ કાપીને લાવશે તેને હું ૧૧ લાખ રૂપિયાનું ઈનામ આપીશ."રાહુલ ગાંધી દ્વારા અમેરિકામાં આપવામાં આવેલા અનામત અંગેના નિવેદન પર મહારાષ્ટ્ર શિવસેના શિંદે જૂથના ધારાસભ્ય સંજય ગાયકવાડે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો છે અને વિવાદાસ્પદ નિવેદન આપી દીધું છે. આ ઉપરાંત ધારાસભ્ય ગાયકવાડે રાહુલ ગાંધી અને કોંગ્રેસ પર દલિતો અને આદિવાસીઓની અનામત ખતમ કરવાનું ષડયંત્ર કરવાનો આરોપ પણ લગાવ્યો છે. ગાયકવાડે કહ્યું કે, બાબાસાહેબ આંબેડકરે મહારાષ્ટ્ર અને દેશના પછાત અને દબાયેલા દલિતો, આદિવાસીઓ અને OBC લોકોને બંધારણમાં આરક્ષણ આપ્યું છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિદેશ જઈને એવું નિવેદન આપે છે કે, તેઓ અનામત ખતમ કરવા માંગે છે. આનો અર્થ તો એ થયો કે કોંગ્રેસે તેનો અસલી ચહેરો લોકોને બતાવી દીધો છે. તેને પેટમાં દુખાવો થઈ રહ્યો છે. મોદી લોકસભા ચૂંટણી દરમિયાન બંધારણ બદલશે. આવી નકલી અને નકારાત્મક વાતો ફેલાવીને મત લેવામાં આવ્યા હતા. આજે તેઓ OBC, દલિત અને આદિવાસીઓ માટે અનામત ખતમ કરવાની વાત કરી રહ્યા છે. ગાયકવાડે સ્પષ્ટ કહ્યું કે, જે કોઈ તેની જીભ કાપશે તેને હું ૧૧ લાખ રૂપિયાનું ઈનામ આપીશ.

### જીવીશ તો તમારા માટે, ઝઝૂમીશ તો તમારા માટે : મોદી

# મોદીએ ૮૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું કર્યું લોકાર્પણ

## અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે મોદી ઓપન જીપમાં લોકોનું અભિવાદન ઝીલતા સ્ટેજ સુધી પહોંચ્યા

અમદાવાદ, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ત્રણ દિવસીય ગુજરાત પ્રવાસનો આજે બીજો દિવસ છે. ત્યારે અનેક વિકાસ કાર્યોની ભેટ તેમણે ગુજરાતને આપી છે. વડાપ્રધાન મોદી અમદાવાદથી ગાંધીનગર મેટ્રો ટ્રેન ફેઝ-૨નું લોકાર્પણ કરીને અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ પહોંચ્યા છે. પીએમ મોદી ઓપન જીપમાં લોકોનું અભિવાદન ઝીલતા સ્ટેજ સુધી પહોંચ્યા હતા. તેમણે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતેથી અમદાવાદને ૮૦૦૦ કરોડના વધુ વિકાસ કાર્યોની ભેટ આપી છે.પીએમ મોદીએ ૮ હજાર કરોડના વિકાસ કામોનું લોકાર્પણ કર્યું છે. તેમજ ઔડાના મકાન, નમો ભારત રેપિડ મેટ્રોને લીલીઝંડી આપી છે. અમદાવાદ-ભુજ વચ્ચે નમો ભારત રેપિડ મેટ્રોનો પ્રારંભ થયો છે. પીએમ મોદીએ આવાસ યોજનાના લાભાર્થીઓને ચાવી સોંપી છે. અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાન મોદીએ સંબોધન કરતા જણાવ્યું છે કે, "આજે ઘણો જ સારો દિવસ છે. નમો ભારત રેપિડ મેટ્રો શરૂ થઈ છે. આ ટ્રેન પાયોનો પથ્થર સાબિત થશે. આ સાથે જ ગુજરાતના હજારો પરિવાર આજે પોતાના ઘરમાં પ્રવેશ કરશે. હું વિશેષ રૂપથી મહિલાઓને શુભેચ્છા પાઠવું છું. મહિલાઓના નામે ઘરનું રજિસ્ટ્રેશન થયું છે. જોકે ઉત્સવના અવસરમાં એક પીડા છે. આ વર્ષે ગુજરાતમાં




એકસાથે અતિવૃષ્ટિ થઈ છે. ઘણા વિસ્તારોમાં અતિવૃષ્ટિની સ્થિતિ સર્જાઈ છે. આટલા વર્ષોમાં પહેલી વાર આટલો વરસાદ આવ્યો હોવાનું મારા ધ્યાનમાં છે."આ સાથે જ તેમણે ગુજરાતની જનતાનો આભાર માનતા જણાવ્યું હતું કે, "ત્રીજી વખત પ્રધાનમંત્રીના શપથ લીધા બાદ ગુજરાત આવ્યો છું. ગુજરાત મારી જન્મભૂમિ છે. ગુજરાતે મને જીવનની દરેક શીખ આપી છે. તમે મારા પર અપાર પ્રેમ દર્શાવ્યો છે. દીકરાએ આજે ઘરે આવીને આશીર્વાદ લીધો છે. આશીર્વાદથી નવી ઊર્જા મળે છે. મોટી સંખ્યામાં લોકો આશીર્વાદ આપવા આવ્યા છે."

ત્રીજી વખત શપથ લીધા બાદ ઝડપથી અહીં આવવું હતું. ૬૦ વર્ષ બાદ જનતાએ નવો ઈતિહાસ રચ્યો છે. એક સરકારને સતત ત્રીજી વાર સેવા કરવાનો અવસર મળ્યો છે. ભારતની લોકશાહીની મોટી ઘટના છે. નરેન્દ્રભાઈ પર ગુજરાતીઓનો હક છે. રાષ્ટ્ર પ્રથમના સંકલ્પના કારણે આવવામાં મોડું થયું છે."વડાપ્રધાન મોદીએ દેશહિતમાં કરેલા કાર્યો જણાવતા કહ્યું હતું કે, "અમે ત્રીજી ટર્મના પ્રથમ ૧૦૦ દિવસ મહત્વના નિર્ણય લીધા છે. દિવસ-રાત જોયા વિના કામ કર્યું છે. દેશ-વિદેશમાં જે પ્રયાસ કરવાના હતા તે કર્યા છે. કોઈ પણ કસર છોડવામાં નથી આવી. છેલ્લા ૧૦૦ દિવસમાં કેવી કેવી વાતો થઈ રહી છે. કેટલાક લોકો મારી મજાક ઉડાવવા લાગ્યા છે. અલગ-અલગ તર્ક-વિતર્ક દેખાડવા લાગ્યા છે."

### મોદીએ અમદાવાદ-ગાંધીનગરની જનતાને આપી મોટી ભેટ

# મોદીએ અમદાવાદ-ગાંધીનગરને જોડતી મેટ્રોનું લોકાર્પણ કર્યું

## વડાપ્રધાને સેક્ટર ૧ના સ્ટેશનથી ગિફ્ટ સિટી સુધી મેટ્રોમાં બેસી મુસાફરી કરી : વિદ્યાર્થીઓ સાથે ચર્ચા પણ કરી

ગાંધીનગર, તા.૧૬

પ્રધાનમંત્રી મોદીએ અમદાવાદ અને ગાંધીનગરની જનતાને આજે મોટી ભેટ આપી છે. તેઓએ અમદાવાદ અને ગાંધીનગરને જોડતી મેટ્રોનું લોકાર્પણ કર્યું છે. ગાંધીનગરના સેક્ટર ૧ સ્ટેશનથી વડાપ્રધાને ગાંધીનગરથી અમદાવાદ સુધી મેટ્રો ટ્રેનને લીલી ઝંડી આપી હતી. વડાપ્રધાને સેક્ટર ૧ના સ્ટેશનથી ગિફ્ટ સિટી સુધી મેટ્રોમાં બેસી મુસાફરી કરી હતી. આ સાથે જ તેમણે કેટલાક વિદ્યાર્થીઓ સાથે આ સફર દરમિયાન ચર્ચા પણ કરી હતી. આ સફરમાં તેમની સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પણ હાજર રહ્યા હતા.

ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે ભાગીદારીમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો પ્રારંભ કરાયો છે. અગાઉ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં મેટ્રો ફેઝ ૧ નું લોકાર્પણ કર્યું હતું. ફેઝ ૧ ના ઉત્તર - દક્ષિણ મેટ્રો કોઈડોરનું વિસ્તરણ એટલે મેટ્રો ફેઝ ૨. મેટ્રો ટ્રેન હવે APMCથી મોટેરા લાઈન ગાંધીનગર સુધી જશે. પીએમ મોદીએ મેટ્રો ફેઝ-૨ના ૨૦.૮ કિમીના કોરિડોરનું લોકાર્પણ કર્યું છે. અમદાવાદથી ગાંધીનગર મેટ્રો ટ્રેનમાં કુલ ૮ સ્ટેશન આવશે. GNLU, રાયસણ, રાંદેસર, ધોળકુવા સર્કલ, ઈન્ફોસીટી, સેક્ટર ૧, PDPU અને ગિફ્ટ સીટીનો સમાવેશ થાય છે. મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર જવા માટે મેટ્રોનું ટાઈમટેબલ જાહેર કરી દેવામાં આવ્યું છે. મોટેસા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશનથી સેક્શન ૧ મેટ્રો સ્ટેશન અને સેક્ટર-૧થી મોટેરા સ્ટેડિયમ સુધીનું ટાઈમ ટેબલ જાહેર કરાયું છે. તો જીએનએલયુથી ગિફ્ટ સિટી અને ગિફ્ટ સિટીથી જીએનેલયુ માટેનું ટાઈમટેબલ જાહેર કરવામાં આવ્યું છે. આ ટ્રેન સેવા ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થશે. આ રૂટમાં અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો જેવા કે જીએનએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઈન્ફોસિટી તેમજ સેક્ટર ૧ના વિસ્તારને આવરી લેવાશે. શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો દોડશે. આવનારા સમયમાં મેટ્રો સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર ૧૬, સેક્ટર ૨૪ અને મહાત્મા મંદિર સુધી જશે. મેટ્રોના બીજા ફેઝનો રૂટ ૨૧ કિ.મીનો છે. મેટ્રોના ફેઝ-૨ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૫,૩૮૪ કરોડ છે, જેમાં AFD અને KfW જેવી આંતરરાષ્ટ્રીય એજન્સીઓમાંથી ફન્ડીંગ લેવામાં આવ્યું છે.

આ મેટ્રો રેલ વિસ્તરણથી અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો પર કનેક્ટિવિટી મળશે અને તેનાથી બહોળી સંખ્યામાં રોજિંદી મુસાફરી કરતા લોકોને ફાયદો મળશે. આ પ્રોજેક્ટ અંગેની મહત્વની વિગતો આ પ્રમાણે છે.

મેટ્રોના બીજા ફેઝનો રૂટ ૨૧ કિ.મીનો છે, જે મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-૧ને જોડશે. મોટેરાથી મેટ્રો સીધી ગાંધીનગરના આઠ સ્ટેશન પર દોડશે જેમાં જીએનએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઈન્ફોસિટી અને સેક્ટર-૧નો સમાવેશ થાય છે. મેટ્રોના ફેઝ-૨ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૫,૩૮૪ કરોડ છે. આ નાણાકીય જોગવાઈ નાગરિકોને ઉચ્ચ ગુણવત્તાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ સ્થાનિક આર્થિક વિકાસને વેગ આપવાની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ રૂટના લીધે અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટે છે. ઉદાહરણ તરીકે, હવે પ્રવાસીઓ એપીએમસી (વાસણા)થી ગિફ્ટ સિટી સુધી એક કલાકની અંદર માત્ર ? ૩૫ના ખર્ચે પહોંચી શકે છે.

### અનિલ વિજના દાવા પર ધર્મેન્દ્ર પ્રધાને આપ્યો જવાબ

# હરિયાણામાં સીએમ પદને લઈને ભાજપમાં વિવાદ

## એક પાર્ટીના કાર્યકર હોવાના કારણે તેમણે આવું કહ્યું હશે, પરંતુ નાયબ સિંહ સૈની ભાજપનો મુખ્યમંત્રીનો ચહેરો છે

ચંદીગઢ, તા.૧૬

હરિયાણા વિધાનસભા ચૂંટણી દરમિયાન ભાજપના નેતાઓમાં મુખ્યમંત્રી પદ માટે દાવેદારી વધી રહી છે. આ દરમિયાન હરિયાણાના પૂર્વ ગૃહમંત્રી અને અંબાલા કેન્ટથી ભાજપના ઉમેદવાર અનિલ વિજે રવિવારે (૧૫મી સપ્ટેમ્બર) મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'જો ભાજપ ચૂંટણી જીતશે તો હું મુખ્યમંત્રી બનીશ.

કારણ કે, હું પાર્ટીના સૌથી વરિષ્ઠ નેતા છું.' જો કે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સ્પષ્ટ કર્યું કે, 'હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની ભાજપનો મુખ્યમંત્રીપદનો ચહેરો છે.'

અંબાલા કેન્ટથી ભાજપના ઉમેદવાર અનિલ વિજના નિવેદનને અંગે હરિયાણા ચૂંટણીના ભાજપના પ્રભારી ધર્મેન્દ્ર પ્રધાને પત્રકાર પરિષદમાં કહ્યું કે, એક પાર્ટીના કાર્યકર હોવાના કારણે તેમણે આવું કહ્યું હશે, પરંતુ નાયબ સિંહ સૈની ભાજપનો મુખ્યમંત્રીનો ચહેરો છે. ભાજપ લોકપ્રિય નેતા નાયબ સિંહ સૈનીના નેતૃત્ત્વમાં હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી લડી રહી છે. હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપ જીતની હેટ્રિક મારશે.'

કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે 'થોડા દિવસો પહેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે જ્યારે તેમની પાર્ટી સત્તામાં આવશે, ત્યારે તે અનામત ખતમ કરશે. આ કોઈ નવી વાત નથી. તેમનું નિવેદન કોંગ્રેસની માનસિક સ્થિતિ દર્શાવે છે.' ઉલ્લેખનીય છે કે નાયબ સિંહ સૈનીને માર્ચમાં મનોહર લાલ ખટ્ટરના સ્થાને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા.

હરિયાણાના પૂર્વ ગૃહમંત્રી અને અંબાલા કેન્ટથી ભાજપના ઉમેદવાર અનિલ વિજે રવિવારે (૧૫મી સપ્ટેમ્બર) મોટું નિવેદન આપ્યું હતું. તેમણે એક પત્રકાર પરિષદમાં કહ્યું કે, 'હું જ્યાં પણ ગયો છું ત્યાં બધા મને કહે છે કે તમે સિનિયર મોસ્ટ છો તો તમે સીએમ કેમ ન બન્યા? આવી સ્થિતિમાં લોકોની માંગ પર આ વખતે હું મારી સિનિયોરિટીના આધારે મુખ્યમંત્રી બનવાનો દાવો કરીશ. જો સરકાર બનશે અને પાર્ટી મને સીએમ પદ આપશે તો હું હરિયાણાનું ભાગ્ય અને ચિત્ર બંને બદલી નાખીશ.' ઉલ્લેખનીય છે કે, હરિયાણામાં વિધાનસભાની ૯૦ બેઠક માટે પાંચમી ઓક્ટોબરે મતદાન થશે અને આઠમી ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે. ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ૪૦ બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી બની હતી અને કોંગ્રેસે ૩૦ બેઠકો જીતી હતી.

### વડાપ્રધાન વિશે સંજય રાઉતનું વિવાદિત નિવેદન

# પીએમ નરેન્દ્ર મોદીનું મગજ સડેલું છે : સંજય રાઉત

## મનમાં ડરના કારણે તેઓ ચૂંટણીમાં વિલંબ કરી રહ્યા છે

નવી દિલ્હી, તા.૧૬

શિવસેના (ઉદ્ધવ જૂથ)ના સાંસદ સંજય રાઉતેફરી એકવાર પીએમ મોદી પર નિશાન સાધ્યું છે. તેમણે મહારાષ્ટ્રમાં લાડલી બ્રાહ્મણ યોજનાને લઈને પીએમ મોદીના નિવેદન પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે આ વડાપ્રધાનનું મગજ છે? તેમનુંમગજ સડેલુંછે. હુંવડાપ્રધાનપદનું અપમાન કરવા માંગતો નથી, પરંતુ પીએમ મોદી જે રીતે વાત કરી રહ્યા છે તે તેમને શોભે છે? એક તરફ તેઓ મહારાષ્ટ્રમાં લાડલી બહેન યોજનાના વખાણ કરી રહ્યા છે. બીજી તરફ ઝારખંડમાં આ યોજનાની ટીકા થઈ રહી છે. રાઉતે વધુમાં કહ્યું કે ઝારખંડમાં તેમની પાર્ટીની સરકાર નથી, તેથી ત્યાં આ યોજના ખરાબ છે. તેમણે કહ્યું કે આ વડાપ્રધાન નહીં પરંતુ ભાજપના કેટલાક નેતાનું સડેલું મગજ છે. હું વડાપ્રધાનનું અપમાન કરવા માંગતો નથી, પરંતુ પીએમ મોદી જે રીતે વાત કરી રહ્યા છે તે જોઈને લાગે છે કે આ વડાપ્રધાન નહીં પરંતુ ભાજપના કોઈ નેતાનું સડેલું મગજ છે.ચૂંટણીને લઈને શિવસેનાના સાંસદે કહ્યું કે આ બધું ભાજપ અને મોદી સરકારનો ઢોંગ છે, આ લોકો એક સાથે ૪ રાજ્યોમાં ચૂંટણી નહીં કરાવી શકે અને આખા દેશમાં એક સાથે ચૂંટણી કરાવવાના છે તેવી વાતો કરે છે. આ બધું આ લોકોનું નાટક છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત અંગે તેમણે કહ્યું હતું કે અહીં ચૂંટણી ક્યારે થશે તે શિંદે નક્કી કરશે નહીં. જ્યાં સુધી સીએમને તેમના દિલ્હીના બૉસનો ફોન ન આવે ત્યાં સુધી. અને ચૂંટણી પંચ પણ ત્યાં સુધી મહારાષ્ટ્રમાં ચૂંટણી નહીં કરાવે.

# બાબરાના કરીયાણા ગામે રૂા.૧૬.૫૦ લાખના કામોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય તળાવિયાનાં વરદ હસ્તે કરાયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા તાલુકાનાં કરીયાણા ગામે ધારાસભ્યની ગ્રાન્ટ, એટીવીટી યોજનાની ગ્રાન્ટ તેમજ સાંસદ (રા.સ.)ની ગ્રાન્ટમાંથી અંદાજે રૂા.૧૦.૫૦ લાખનાં ખર્ચે નીલકંઠ મહાદેવ મંદિર, ખોડીયાર માતાજીનું મંદિર વિગેરે સથળો તેમજ ગામનીશેરીમાંબ્લોકપેવીંગરોડનુંકામ તેમજ અંદાજે રૂા.૬ લાખનાં ખર્ચે ભુગર્ભ ગટર લાઈનનું કામ મંજુર કરવામાંઆવતા આ તમામ વિકાસનાં કામોનું ખાતમુર્હૂત લાઠી બાબરાનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. સરકારની રૂપિયા ૧૬.૫૦ લાખનાં અનુદાનની રકમમાંથી કરીયાણા ગામનાં અલગ અલગ વિસ્તારમાં અલગ અલગ વિકાસનાં કામોની કામગીરીટુંકજસમયમાંશરૂ કરી પુર્ણ કરવામાંઆવશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઝડપી કામગીરી કરી ખુબ જ ઓછા સમયમાં આ તમામ વિકાસનાં કામ પુર્ણ કરવામાં આવશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયતનાં સદસ્ય નિતિનભાઈ રાઠોડ, હિંમતભાઈ દેત્રોજા, બાબરા યુવા ભાજપનાં અમરશીભાઈ વાઘેલા, બક્ષીપંચ મોરચાના ધીરૂભાઈ મેટાળીયા, ગામનાં સરપંચ ભુપતભાઈ ખાચર, ગ્રામ પંચાયતનાં તમામ સદસ્યો, લાલભાઈ, ભોજાભાઈ ભરવાડ, જિલ્લા ભાજપ સંગઠનનાં હોદેદારો, તાલુકા ભાજપ સંગઠનના હોદેદારો, ભાજપ મોરચા સેલનાં હોદેદારો સહિતનાં આગેવાનો, અધિકારીઓ તેમજ કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહયા હતા તેમજ ધારાસભ્ય જનકભાઈ તળાવિયાનો આભાર વ્યકત કર્યો હતો.

### ગણપતિ મહોત્સવનું આજે સમાપન

## સાવરકુંડલા ખાતે ગણપતિ મહોત્સવ દરમિયાન ગણપતિને લખપતિ શણગાર

### મોટી સંખ્યામાં ભકતજનોએ દર્શન કરી ધન્યતા અનુભવી

અમરેલી, તા.૧૬

છેલ્લા દસ દિવસથી ભારત સહિત દુનિયાભરમાં વસતાં ભારતીયો દ્વારા ગણેશ મહોત્સવની ધામધૂમ પૂર્વક તથા આસ્થાભેર ઉજવણી થઈ રહી છે. આવતી કાલે મંગળવારના રોજ ગણપતિજીનું વિસર્જન થવાનું છે. ત્યારે સાવરકુંડલા ખાતે ગણપતિ મહોત્સવમાં ગણપતિને લખપતિ શણગાર કરી લખપતિ બનાવ્યા છે. જે શણગાર નિહાળવા તથા દર્શનનો લાભ લેવા સમગ્ર શહેરના લોકો પહોંચ્યા હતાં.



સાવરકુંડલા ખાતે ગણેશ મહોત્સવ ઉજવતું સદભાવના ગ્રૂપના ગણપતિ મહોત્સવ ગણપતિને લખપતિનો શણગાર કરી લખપતિ બનાવાયા છે. જેમાં કડકડતી ચલણી નોટોથી ભગવાન ગણપતિ બાપાનો શણગાર કરવામાં આવ્યો છે. કલાકોની જહેમત બાદ ચલની નોટોથી શણગાર માટે ગણપતિ બાપાને સજાવવામાં કાર્યકર્તાઓ કામ કરે છે અને રૂપિયા ૨૦ થી લઈને ૫૦, ૧૦૦, ૨૦૦ અને ૫૦૦ ની ચલણી નોટો વડે ગણપતિ બાપાને શણગારવામાં આવ્યા છે. ગણપતિ લખપતિ બન્યા હોય ત્યારે દર્શનાર્થીઓની મોટી ભીડ સદભાવના ગ્રુપના ગણપતિ લખપતિ બન્યા જોવા ઉમટી પડયા હતાં. દરેક ચલણી નોટો એકદમ કડકડતી હોય અને છેલ્લા એક માસથી આ શણગાર માટેની તૈયારીઓ ગ્રુપના મેમ્બરો કરતા હોય છે. અને ગણપતિ બાપાનો મુંગટ પણ ૫૦૦ની નોટો તો ૨૦૦ નોટોથી હાર તો હાથમાં પણ ચલણી નોટો તો પગમાં પણ ચલણી નોટોની સુંદર ગોઠવણ કરીને આખા આકર્ષક ફલોટમાં ૨૧ લાખની રોકડ સાથે ગણપતિ લખપતિ બનતા જોવા દર્શનાર્થીઓ વાહ પોકારી ઉઠયા હતાં. દરેક દર્શનાર્થીઓ ધન્યતા અનુભવી હતી. જેમ ગણપતિ બાપા લખપતિ બન્યા તેમ દરેક દર્શનાર્થીઓ લખપતિ બને તેવી મનોકામનાઓ દર્શનાર્થીઓ વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે છેલ્લા ૨૨ વર્ષથી આ સદભાવના ગ્રુપ દ્વારા ઉજવાતા ગણપતિ મહોત્સવનું કરવામાં આવી રહયું છે.

જેમાં પ્રથમ વખત ૫ લાખની ચલણી નોટોથી ગણપતિ બાપાનો શણગાર સજાવવામાં આવ્યો હતો. અને આજે ૧૫ વર્ષ પહેલા શરૂ થયેલા ગણપતિ લખપતિનો આકર્ષક ફલોટ ધીમે ધીમે ચલણી નોટો વધતી ગઈ અને આજે ૨૧ લાખ રૂપિયાથી ગણપતિને લખપતિ બનાવાયા હોય, જે અંગે સદભાવના ગ્રુપના ટ્રસ્ટી ધર્મેશ ચૂડાસમાંએ ટીમ વર્ક અને એક માસની મહેનતનું પરિણામ એજ પરમ પૂજય ઉષા મૈયાના આશીર્વાદ ગણાવ્યા હતા.

દુનિયાભરમાં ઉજવાતા ગણપતિ મહોત્સવમાં આખા ગુજરાત રાજયમાં કયાંય ગણપતિ લખપતિ બન્યા હોય તેવું જોવા મળ્યું નથી પણ ૨૧ લાખની ચલણી નોટોથી શણગાર સજેલા ગણપતિ બાપ્પા દરેક દર્શનાર્થી સંગાથે દરેક ભારતવાસીઓ લખપતિ બને સાથે ભારત દેશની ઉજ્જ્વળ આશાઓ ફળીભૂત કરે તેવી અપેક્ષાઓ અને આશીર્વાદ ગણપતિ બાપાના બની રહે તેવી શુભકામનાઓ પણ પઠવાય છે.

### રાજુલાનાં કાતર ગામના વતની અને

## બાબરા કોલેજનાં પ્રોફેસરે મોરેશિયસ ખાતે સંસ્કૃત કોન્ફરન્સમાં ભાગ લીધો

### સમગ્ર જિલ્લાનુ ગૌરવ વધાર્યુ

રાજુલા, તા. ૧૬

રાજુલા તાલુકાના કાતર ગામના વતની અને કાતર દરબારશ્રી દાદબાપુ વરૂ ના રાજ પુરોહિત અને બાબરા સરકારી વાણિજય અને વિનયન કોલેજના સંસ્કૃતના પ્રોફેસર ડો. હાર્દિકભાઈ ગીરજાશંકરભાઈ જોષી તા. ૦૫ અને ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૪નાં રોજ મોરેશિયસ, પૂર્વ આફ્રિકા ખાતે આંતરરાષ્ટ્રીય સંસ્કૃત કોન્ફરન્સનું આયોજન ગ્લોબલ સંસ્કૃત ફોરમ ભારત સરકાર દ્વારા કરવામા આવ્યુ હતુ. સંસ્કૃત સાહિત્યમાં વૈજ્ઞાનિક સિદ્ધાંતવિમર્શ' વિષય પર સંશોધન પત્ર રજૂ કરી, આંતરરાષ્ટ્રીય કક્ષાએ સમગ્ર ભારત દેશ અને ગુજરાતનું પ્રતિનિધિત્વ આફ્રિકાની ધરતી પર સફળતા પૂર્વક કર્યુ હતુ. તેમજ આ કોન્ફન્સમાં વિશેષ સંશોધન પ્રસ્તુતિ અને અભિવ્યક્તિ બદલ આગામી વર્લ્ડ સંસ્કૃત કોન્ફરન્સ ૨૦૨૫ (સંભવિત) જે ઈન્ડોનેશિયાનાં બાલી ખાતે યોજાવવાની છે તેમાં તેમની વક્તા તરીકે પસંદગીની જાહેરાત પણ ભારત સરકાર દ્વારા થઈ હતી.



ભારત સરકાર રાષ્ટ્રીય કક્ષા એ વિવિધ ભાષાઓ ના વિષય નિષ્ણાંતો ને તેમની પ્રખર યોગ્યતા ને પ્રયાને લઈ ને અને ભાષા પ્રભુત્વ અને અભ્યાસ ને ધયાને લઈ ને આવી કોન્ફરન્સ મા મોકલતી હોય છે. જેમા ડો. હાર્દિકકુમાર ગીરજાશંકરભાઈ જોશીની પસંદગી અને કોન્ફરન્સમા સફળ તાપૂર્વકની ભાગીદારી અભિનંદન ને પાત્ર છે. તેમણે ભારત તેમજ ગુજરાત સરકાર, તેમજ સમગ્ર અમરેલી જીલ્લાના બ્રહ્મસમાજનુ ગૌરવ વધાર્યુ છે જે શશિભાઈ રાજયગુરૂએ માહિતિ આપતા જણાવ્યુ હતુ.

## સોમનાથ ટ્રસ્ટમાં નવા ટ્રસ્ટી તરીકે વિશદ મફતલાલની નિમણૂક થઇ

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજભવન ખાતે સોમનાથ મંદિર ટ્રસ્ટ બેઠકની અધ્યક્ષતા કરી હતી

સોમનાથ, તા.૧૬

વડસર એરફોર્સ સ્ટેશન ખાતે ઓપરેશન સેન્ટરની મુલાકાત લઈ રાત્રે ૮.૨૦ વાગ્યા બાદ પરત ફરેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજભવન ખાતે સોમનાથ મંદિર ટ્રસ્ટ બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં સોમનાથ મંદિર પરિસર અને આસપાસના વિસ્તારોના વિકાસ માટે તૈયાર થયેલા માસ્ટર પ્લાન અને શ્રધ્ધાળુઓ માટે વિકસાવવામાં આવનારી સુવિધાઓ પર વડાપ્રધાને ખાસ રસ લીધો હતો.



લગભગ ત્રણેક કલાક ચાલેલી આ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહ ચૂંટણી પ્રસાર સહિતની કામગીરીની વ્યસ્તતાના કારણે તેમજ વરિષ્ઠ રાજનેતા તથા પૂર્વ નાયબ વડાપ્રધાન એલ.કે. અડવાણી તથા જે.ડી. પરમાર નાદુરસ્ત તબિયતના કારણે ઉપસ્થિત રહી શક્યા ન હતા. જ્યારે અન્ય ટ્રસ્ટીઓ પૂર્વ મુખ્યસચિવ પી.કે. લહેરી, હર્ષવર્ધન નિવોટિયા બેઠકમાં સામેલ થયા હતા. આ માસ્ટર પ્લાનના આર્કિટેક્ટ રાજીવ કટપાલિયાએ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. વડાપ્રધાન મોદીએ મોસ્ટર પ્લાન મુજબ સોમનાથ મંદિરના વિકાસ માટે હાલ ચાલી રહેલા કામો અંગેની પ્રગતિની તથા બેઠકમાં નવા ટ્રસ્ટી તરીકે વિશદ પદ્માનાભ મફતલાલની નિમણૂક કરવાનો પણ નિર્ણય લેવાયો હતો. તેઓ શ્રી સદગુરુ સેવા સંઘ ટ્રસ્ટના અધ્યક્ષ ઉપરાંત નવીન ફલોરાઈન ઈન્ટરનેશનલના પણ ચેરમેન છે. તેઓ મફતલાલ ગ્રૂપની વિવિધ કંપનીઓ તેમજ સેવાકીય પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

### અન્નકોટનાં પ્રસાદ પણ ધરવામાં આવ્યો

## અમરેલીનાં અર્જુનનગરમાં મહિલાઓ દ્વારા ગણપતિની આરતી ઉતારવામાં આવી

### છેલ્લા ૧૦ દિવસથી ભકતો ગણપતિનાં રંગે રંગાયા

અમરેલી, તા. ૧૬

સૌરાષ્ટ્ર ઠેર ઠેર ગણપતિ મહોત્સવ ચાલી રહીયો છે. નાના ગામડા થી લઈ મોટા શહેરોમાં ગણપતિ જી નું સ્થાપન કરવામાં આવ્યું હોય છે. આ દિવસ દરમિયાન લોકોથી જેટલી થતી સેવા પૂજા અર્ચનાઓ કરી હોય છે. સવાર-સાંજ લોકો દ્વારા આરતી, સત્સંગ, દાંડિયારાસ, નાની મોટી રમતો ના આયોજન થતા હોય છે. ત્યારે અમરેલીના ચક્કરગઢ રોડ પાછળ આવેલ અર્જુન નગર સોસાયટીમાં સોસાયટી દ્વારા ગણપતિ સ્થાપન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન વાજતે ગાજતે ગણપતિને તેમના સ્થાને કે લઈને આવ્યા હતા. આ દરમિયાન સોસાયટીના લોકો સાથે મળીને રોજ સવાર-સાજ ગણપતિની આરતી સ્તુતિ કરતા અને હવે ગણપતિ જી ની વિદાય આવી રહી ત્યારે આજ



સોસાયટીના લોકો સાથે મળીને ગણપતિ મહારાજને ૫૬ ભોગ નો અન્નકોટ પ્રસાદ ધરાવ્યો અને સાંજે સોસાયટીની મહિલા મંડળ દ્વારા સાથે મળીને સમૂહ આરતી કરવામાં આવી.

બધી મહિલાઓએ સાથે મળીને ગણપતિ બાપાને સમૂહ આરતી ઉતારી અને આગલા વર્ષે વહેલા આવો તેવા ઉચ્ચારો, સ્લોગન, થી ગણપતિ ને વધાવિયા.

## મુન્દ્રા પોર્ટ પરથી ૪૦ કરોડ રુપિયાથી વધુની કિંમતનો પ્રતિબંધિત દવાનો જથ્થો ઝડપાયો

કચ્છ, તા.૧૬

ગુજરાતમાં નશાનો કારોબાર યથાવત જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં મોટાભાગે આરોપીઓ દરિયાકાંઠા વિસ્તારમાંથી નશાકારક વસ્તુઓની હેરાફેરી કરતા હોય છે. ત્યારે ફરી એક વખત કચ્છના મુન્દ્રા પોર્ટ પરથી પ્રતિબંધિત દવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

મુન્દ્રા પોર્ટ પરથી ૪૦ કરોડથી વધુની કિંમતની ટ્રામાડોલ ગોળીનો જથ્થો મળી આવ્યો છે. મુન્દ્રા કસ્ટમની SIIB શાખા દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. બે કન્ટેનરની તપાસ કરતા પ્રતિબંધિત દવાની જગ્યાએ મિસ ડીકલેરેશન કરાયું હતું. સૌરાષ્ટ્રના નિકાસકાર દ્વારા મોકલવામાં આવેલા કન્ટેનરની તપાસ કરતા દવાનો જથ્થો મળ્યો છે. અગાઉ પોર્ટ પરથી આજ પ્રકારનો કરોડોનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો.

હેપ્પી બર્થ-ડે...
અમરેલીના 'આયુષ'નો
જન્મદિન હોવાથી પપ્પા : સંજયકુમાર(...),
મમ્મી : મીનાક્ષીબેન, દાદા : રામજીભાઈ
દાદી : શાંતાબેન, તથા સમગ્ર કાતરીયા
પરિવાર તરફથી લાડકડા
'આયુષ' ને તેના જન્મદિને ખુબ-ખુબ
અભિનંદન સહ
શુભેચ્છાઓ.... મુ. અમરેલી

આયુષ

## નરેન્દ્ર મોદીના સુશાસનમાં ગુજરાતની વિકાસ વર્ષા ક્યારેય પણ અટકવાની નથી

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના ગુજરાત પ્રવાસના બીજા દિવસે, રૂપિયા ૮૦૦૦ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતું. અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા નાગરિકોને સંબોધન કરતા ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિકાસ વર્ષા ક્યારેય પણ અટકવાની નથી. ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, સતત ત્રીજીવાર વડાપ્રધાન બન્યા બાદ, ગુજરાતની ધરતીના પનોતા પૂત્ર અને વિશ્વના યશસ્વી નેતા એવા નરેન્દ્ર મોદી વતન ભૂમિ ગુજરાતમાં પહેલીવાર આવ્યા છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં લોકકલ્યાણના અનેક શિખરો સર કર્યા છે. નરેન્દ્ર મોદીના વિકાસ અને વિઝનનો લાભ ગુજરાતને છેલ્લા અઢી દાયકાથી મળી રહ્યો છે. વિશ્વની સૌથી મોટી એફર્ડેબલ હાઉસીગ યોજના અંતર્ગત ભારતના મધ્યમ અને ગરિબોને ચાર કરોડ લોકોને પોતાના ઘર મળ્યા છે અને વધુ ત્રણ કરોડ ઘર આપવાનો લક્ષ્યાંક સેવ્યો છે. ગુજરાતમાં ૫૦ હજાર મકાન આજે ફાળવાશે. ગુજરાત ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનવા જઈ રહ્યું છે. સૌર ઊર્જા અને રિન્યુબલ ઊર્જા ક્ષેત્રે ગુજરાતે મોટી સફળતા મળી છે. માળખાગત સુવિધાની સાથે મોર્ડન ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવ્યું છે. અમદાવાદ અને ગાંધીનગર તેમજ ઈન્ફોગીફ્ટ સિટીને ટ્રાફિક મુક્ત વાહનવ્યવહાર મળ્યો છે. ભૂજ અમદાવાદ વચ્ચે વંદે મેટ્રો રેલ મળી રહી છે. વર્ષા ઋતુ ગુજરાતમાંથી વિદાય લઈ રહી છે, પરંતુ નરેન્દ્ર મોદીના સુશાસનમાં ક્યારે વિકાસ વર્ષા ક્યારેય અટકવાની નથી. વિકસીત ભારતના નિર્માણમાં દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત અગ્રીમ યોગદાન આપશે તેમ પણ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

# બગસરા ખાતે ઈદે મિલાદની ઉત્સાહભેર ઉજવણી કરાઈ



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરામાં ઈદે મિલાદ નિમિત્તે ભવ્ય જુલુસ નીકળ્યા( સમીર વિરાણી દ્વારા) બગસરામાં ઈદે મિલાદની મુસ્લિમ બિરાદરો દ્વારા આસ્થાભેર ઉજવણી કરાઈ જેમાં બહોળી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ધર્મગુરૂ જોડાયા હતા જેમાં બગસરા જુમ્મા મસ્જિદ થી આ ઝુલુસ નીકળ્યું હતું કુકાવાવ નાકા વિજય ચોક ગોંડલીયા ચોક શિવાજી ચોક આરબવાડ નદીપરા સહિતના મુખ્ય માર્ગો પર જુલુસ નીકળ્યા હતા જેમાં મુસ્લિમ ભાઈ બહેનો બાળકો વૃદ્ધો આ જુલુસમાં જોડાયા હતા. જેમાં ઠેર ઠેર શરબત ચા નાસ્તો આઈસ્કીમ નું વિતરણ કરવામાં આવ્યું હતું અને આ ઈદે મિલાદની ભવ્યથી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં બગસરા પોલીસ સ્ટેશન પીઆઇ તથા પીએસઆઇ પોલીસ સ્ટાફ સહિતનો કાફલો આ ઝુલુસમા બંદોબસ્ત જાળવ્યો હતો.

# અમરેલીમાં લોકસાહિત્ય સેતુનાં દશાબ્દિ વાર્ષિક દિનની ઉજવણી કરવામાં આવી






પરમ પૂજય સંત શિરોમણી શ્રી મોરારીબાપુ ના રૂડા આશીર્વાદ અને સ્વર્ગસ્થ પ્રતાપભાઈ પંડયાના રૂડા સૌજન્યથી સ્થપાયેલ લોકસાહિત્ય સેતુ સંસ્થા સફળતા પૂર્વક ૧૦ વર્ષ પૂર્ણ કરેલ છે દશાબ્દિ વાર્ષિક દિનની ભવ્યાથી ભવ્ય ઉજવણી સારહી તપોવન વૃદ્ધાશ્રમના વિશાળ પ્રાર્થના હોલમાં યોજવામાં આવે પ્રારંભમાં સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ જોશીએ આજના વાર્ષિક દિનના કાર્યક્રમ અંગે વિગતવાર છણાવટ કરી કાર્યક્રમ અંગે સૌને વાકેફ કર્યા સંસ્થાના ઉપપ્રમુખ ગોવિંદભાઈ ગોંડલીયાએ પધારેલા સહુ મહેમાનોને શાબ્દિક આવકાર આપ્યો ટૂંકા ગાળામાં સંપૂર્ણ સુવિધા યુકત વિશાળ પરિસરમાં કાર્ય સહયોગ અને પુરૂષાર્થથી સારહી તપોવન વૃદ્ધાશ્રમનું નિર્માણ કરી સમાજને સમર્પિત કરનાર હોનહાર યુવાન મુકેશભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં સેવા રત્ન આદરણીય ડોકટર જી.જે. ગજેરા મુખ્ય મહેમાન પદે લોકસાહિત્ય સેતુના કલાકારો સર્વ ચંદ્રકાંતભાઈ બારોટ, ઉર્વશીબેન બારોટ, કેવલભાઈ રોકડ, સંજયભાઈ વાળોદર, બીનાબેન શુકલા, જીલબેન જોશી, રમેશભાઈ જાદવ, તનાક્ષીબેન જાદવ, ભરતભાઈ અગ્રાવત જેવા કલાકારોએ પોતાની કલાથી સૌને રસતરબોળ કર્યા. ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે કલાકારોને પુરસ્કૃત કરવામાં આવ્યા. આ પુરસ્કારનું સૌજન્ય જગપ્રસિદ્ધ શીતલ આઈસ્ક્રીમના માલિક ભુપતભાઈ ભુવા તથા દિનેશભાઈ ભુવા રહ્યા. સેવા રત્ન ડોકટર જી.જે. ગજેરા રહી તપોવન વૃદ્ધાશ્રમ સમાજને અર્પણ કરનાર મુકેશભાઈ સંઘાણી તેમજ મુકુંદભાઈ મહેતાનું શાલ, પુષ્પગુચ્છથી ભવ્યાતી ભવ્ય સન્માન કરવામાં આવ્યું. આજના સમારંભમાં લોકસાહિત્ય સેતુના ઉપપ્રમુખ ગોવિંદભાઈ ગોંડલીયા, ખજાનચી હસુભાઈ જોશી, મંત્રી ગોરધનભાઈ સુરાણી, સદસ્ય મહેન્દ્રભાઈ શુકલ, પ્રખર જયોતિષી રજનીભાઈ ભટ્ટ, વરસડા દરબાર દેવકુભાઈવાળા, નિવૃત્ત પોલીસ અધિકારી લવજીભાઈ ચાવડા, અમરેલી પટેલ છાત્રાલયના મંત્રી નારણભાઈ ડોબરીયા, બાહોશ લેબોરેટેશન પંકજભાઈ જોશી, તપોવન વૃદ્ધાશ્રમના તમામ વૃદ્ધો તેમજ શહેરમાંથી પધારેલા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત લોકસાહિત્ય સેતુના સદસ્યઓએ ભારે મોજ કરી. પ્રાસંગિક વકતવ્યમાં ડોકટર ગજેરાએ પોતાનો આનંદ વ્યકત કરી સંસ્થાની આવી સુંદર પ્રવૃત્તિ બદલ ધન્યવાદ આપ્યા અને દરેક બેઠકમાં ઉપસ્થિત રહેવાની ઈચ્છા દર્શાવી. મુકેશભાઈ સંઘાણીએ પ્રતિભાવમાં સારહી વૃદ્ધાશ્રમ આવા કાર્યક્રમ નિયમિત યોજવા આમંત્રણ આપ્યું. હંમેશ માટે હૃદયના ભાવથી કલાકારોને પ્રેમ કરી અને પ્રોત્સાહન પૂરૂ પાડનાર દાતા સ્વર્ગસ્થ પ્રતાપભાઈ પંડયા તેમ જ અમેરિકા સીટ તેમના સુપુત્રી મનીષાબેન પંડયાને સભામાં સહુએ ભકિતપૂર્વક યાદ કર્યા તાજેતરમાં અમરેલીના સાહિત્યકાર ઈતિહાસ વી.દ.સ્વ. હસમુખભાઈ વ્યાસના દિવ્ય આત્માને ભોળાનાથ શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી વિશાળ સંખ્યાના ભાવકોને દાતા મુકુંદભાઈ મહેતા તરફથી ગરમાગરમ ભજીયા પીરસવામાં આવ્યા કાર્યક્રમને અંતે લોકસાહિત્ય સેતુના મંત્રી ગોરધનભાઈ સુરાણીએ પોતાની આગવી શૈલીમાં આભાર દર્શન કર્યુ.

### શ્રી સાંઈ મંદિરના સાંનિધ્યમાં

## ચલાલામાં સૌ પ્રથમવાર પોલીસ પરિવારનું સ્નેહ મિલન યોજાયુ

### પી.એસ.આઈ. રામાણી, એ.એસ.આઈ. વેદ ચાવડા, સહિતનું ફુલહાર અને ખેસથી હર્ષભેર સન્માન



ચલાલા, તા. ૧૬

દાનમહારાજની પાવન ભુમી ચલાલામાં સાંઈ મંદિરના સાનિધ્યમાં સહુ પ્રથમ વાર ચલાલા પોલીસ પરીવારનું સ્નેહમિલન સમારોહ શિવસાઈ ગૃપ ધ્વારા યોજાયો હતો. જેમાં ખાસ સાવરકુંડલા રેન્જના એ.એસ.પી. વેદ, ચલાલા પી.આઈ. ચાવડા સાહેબ, અને ચલાલા પી.એસ.આઈ. રામાણી ઉપસ્થિત રહેલા હતાં. અને રાજુભાઈ જાની તથા તેમની ટીમની સેવાને બિરદાવતા જણાવેલ કે આ ગૃપને જયારે પણ અમારી જે જે જરૂર હોય એ કહેજો અમે આપની સાથે જ છીએ.

ચલાલા પોલીસ સ્ટેશનના પી.આઈ.ચાવડા તથા પી.એસ.આઈ. રામાણી તથા ઉદયબાપુ ભગત પ્રકાશભાઈ કારીયા, હરેશભાઈ કાથરોટીયા, ખોડાદાદા શાસ્ત્રી, ભગીરથભાઈ ધાધલ, અશોકભાઈ જોષી, કિર્તીભાઈ ભટ્ટ, રમેશભાઈ પરમાર સહિતના મહેમાનો ઉપસ્થિત રહેલ હતાં. શિવસાંઈ ગૃપ ધ્વારા ઉપસ્થિત આમંત્રીત મહેમાનોનું ફૂલહાર અને ખેસથી ખૂબ જ ભાવ પૂર્વક સ્વાગત સન્માન કરાયું હતું. શિવસાંઈ ગ્રૃપ અને મોગલ માનવ સેવા ગૃપની વિવિધ માનવસેવા અને ધાર્મિક કાર્યોથી ખુબ પ્રભાવિત બની ખુશી વ્યકત કરી રાજુભાઈ અનેક લલીતભાઈ સંચાલનને બિરદાવેલ હતું. કાર્યક્રમનું સંચાલન ડો. દેવકુભાઈ વાળા કરેલ હતું. અંતમાં આભાર વિધિ રાજુભાઈ જાનીએ કરતા જણાવેલ કે દાનમહારાજના આર્શીવાદ છે ત્યારે જ આ ગ્રૃપ પાસે કોઈ મોટા દાતાઓ નહિ હોવા છતાં આજે ૧૬ વર્ષથી અવિરત વિવિધ સેવા કાર્ય કરી રહેલ છે અને દરકે સમાજના લોકો ખુબ સહયોગ આપી રહેલ છે.

અમરેલી જીલ્લા પોલીસ અધિકારીઓ અને ચલાલા પોલીસ પરિવાર વિશાળ સંખ્યામાં સાંઈ મંદિરે ઉપસ્થિત રહ્યાં અને ભોજન પ્રસાદનો લાભ લીધેલ હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા શિવસાંઈ ગૃપના મિત્રો અને પત્રકારોએ ખુબ સારી સેવા આપેલ હતી. તેમ સાંઈનાથ સેવા ગ્રૃપ ધ્વારા જણાવવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં કુંકાવાવ માર્ગ વિસ્તારમાં**

બતાવી સાથે આવવા દબાણ કરતા ભોગ બનનાર તરૂણી સાથે જવાની ના પાડતા આરોપીએ ભોગ બનનારના ગળાના ભાગે છરી રાખી સાથે આવવા કહેલ. તે દરમ્યાન ભોગ બનનારે વિરોધ કરતા આરોપીના હાથમાં રહેલ છરી ભોગ બનનારની દાઢીથી નિચે ગળાના ભાગે છરીવડે ઈજા પહોંચાડી ઈજા કરી તે બાદ આરોપી ભોગ બનનારને તેની ઈચ્છા વિરૂધ્ધ તેનુ અપહરણ કરી ભોગ બનનાર સાથે ગંદુકામ કરવાના ઈરાદે ભારતનગર પાસે આવેલ નદિના પટમાં લઈ જઈ છરીની અણીએ ભોગ બનનાર સાથે તેની ઈચ્છા વિરૂધ્ધ બળજબરીથી બળાત્કાર ગુજારી અને બળાત્કાર ગુજાર્યા બાદ ભોગ બનનારને છરી બતાવી કોઈને કહેશે તો જાનથી મારી નાખશે તેવી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## વીજપડી ખાતે ઈદેમિલાદની ઉજવણી


તસ્વીર : સમીર ખોખર–વીજપડી

વીજપડી, તા. ૧૬

વીજપડી ગામે ઈદે મીલાદ શાનદાર રીતે મનાવવામાં આવી હતી ઈન્સાનિયતના સૌથી મોટા મસિહા એટલે પયગંબરે ઈસ્લામ, પયગંબર નબી મહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના જન્મ દિવસ એટલે ઈદે મીલાદ ઉન નબી ઈદે મીલાદ કહેવામાં આવે છે તેમના આપેલા સંદેશ–શાતિ, ભાઈચારા, ન્યાય, કરૂણા, પ્રમાણીકતા, નૈતિકતા, વગેરે ઉપર ચાલવાની પ્રેરણા આપેલ હતી ઈદે મીલાદે નબીની ઉજવણી દરમિયાન મીલાદ ન્યાઝનું આયોજન મુસ્લિમ સમાજ દ્વારા રાખવામાં આવેલ હતું ત્યાર બાદ આજે સવારે દસ વાગ્યે હઝરત મહંમદ પેગંબર સાહેબ જન્મ દિવસ ખુશીનો દિવસ દરમિયાન શાનદાર જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું આ વર્ષે મુસ્લિમ સમાજ દ્વારા હુબહુ મકા મદિનાના રોઝા શાનદાર રીતે બનાવ્યા હતા જૂલુસ દરમિયાન ઠંડાપીણા આઈસ્ક્રીમ ચોકલેટ જેવા અનેક પ્રકારની ન્યાઝ આપવામાં આવેલ હતી રૂટ મુજબ જુમ્મા મસ્જિદથી મેઈન બજાર, હુસેની ચોક, હસની ચોક, માં ફાતેમા ચોક, લીલાપીર દરગાહ, મારૂતી ચોક, મારૂતી ચોકે જુલુસ પૂર્ણ કરવા આવેલ આ મુજબ જુલુસ નિકળેલ હતુ. વીજપડી મુસ્લિમ સમાજના પ્રમુખ દિલાવરભાઈ ચૌહાણ તેમજ સેક્રેટરી આદમભાઈ પાયક તથા સુમારભાઈ ઝાખરાની સરાહનીય દેખરેખ હેઠળ આ આયોજન થયેલ હતું પોલીસ પ્રશાસન દ્વારા ખુબ સરસ બંદોબસ્ત જાળવ્યો હતો તેમ સમીર ખોખર દ્વારા જણાવેલ છે.


**સંકુલ સ્કૂલ બસ વેચવાની છે.**

| કંપની-મોડેલ | બસ નંબર | સીટીંગ-કેપેસીટી | ખરીદી વર્ષ | ઓનર |
| --- | --- | --- | --- | --- |
| TATA Skool LPO 9.6T/52 | GJ-14-X-1203 | 46 + 1 | 22/06/2015 | 01 |
| TATA Skool LPO 9.6T/52 | GJ-14-X-1408 | 46 + 1 | 22/06/2015 | 01 |
| TATA School Bus | GJ-14-T-0552 | 16 + 1 | 19/07/2006 | 01 |

★ ઉપરોક્ત ત્રણેય બસ સંસ્થાની માલીકીની છે. ત્રણેય બસ તદ્દન ઓછી ચાલેલ તથા સારી કંડીશન માં છે

★ ત્રણેય બસ સંસ્થા એ વેચવાની હોય તા. ૧૮/૦૯/૨૦૨૪ થી ૦૩/૧૦/૨૦૨૪ સુધી માં સંસ્થા એ રૂબરૂ જોઈ અને બંધ કવર માં બસ વાઈઝ ભાવ આપી જવા

★ બસ અર્થે સંપર્ક – ધર્મેશભાઈ કોલડીયા – ૯૩૭૭૨૦૯૯૫૯
સંકુલ ટેલીફોન નંબર – (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ – ૨૬

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી -Ad 064


### કળિયુગનો પ્રારંભ થઈ ગયો લાગે છે

## ધારીમાં ૫ વર્ષની બાળકી સાથે આધેડે અડપલા કરતાં ફરિયાદ

### પોલીસે પોકસો કલમ તળે ગુન્હો નોંધ્યો



અમરેલી, તા. ૧૬

આજના મોબાઈલ યુગમાં ફોનના વધુ પડતાં ખોટા ગેર ઉપયોગના કારણે કેટલાંક લોકો પોતાની જિંદગીના રસ્તેથી ભટકી જાય છે અને ના કરવાના કામો કરી સમાજમાં ગુન્હાના રસ્તે ચડી જાય છે. ત્યારે આવા બનાવો સમાજમાં લાલબત્તી સમાન હોય છે. આજના આ હળાહળ યુગમાં ધારી ખાતે ૫ વર્ષની નાની બાળકી સાથે આધેડ નરાધમે જાતીય સતામણી કરી અડપલા કરતા લોકોના ટોળા એકત્રિત થઈ જતાં નરાધમ આધેડને પોલીસે પકડીને લઈ ગઈ અને પોલીસમાં દુષ્કર્મ પોકસો કલમ તળે ગુન્હો નોંધવામાં આવ્યો છે.

આ બનાવમાં અમરેલી જિલ્લાના ધારી ગામે એક ફ્રૂટની લારી ધરાવતો આરોપી હિંમત બોસમીયા નામનાં નરાધમ આધેડેએ શનિવારે બપોરના સુમારે ધારીની એક લોજમાં કામ કરતી મહિલાના ૫ વર્ષની બાળકી સાથે આ ઢગાએ અડપલા કરીદુષ્કર્મ ગુજાર્યુ હતું. માત્ર ૫ વર્ષની કુમળી બાળકી સાથે આ નરાધમે મોં કાળુ કરતા આસપાસના લોકોના ટોળા એકત્રિત થઈ ગયા હતા અને નરાધમને મેથીપાક આપ્યો હતો. આ બનાવ ધારી પંથકમાં વાયુવેગે વાત ફેલાતા લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતાં. ત્યારે સ્થાનિક પોલીસ તરત ઘટના સ્થળે પહોંચી અને ૫ વર્ષની બાળકી સાથે અડપલા દુષ્કર્મ કરનારા આરોપીને ઝડપી લઈ તેમની સામે બીએનએસ કલમ ૬૪(૨)(આઈ), ૬૫(૨) તથા પોકસો એકટની કલમ ૪, ૬, ૮ મુજબ પોસ્કો તળે ગુન્હો નોંધીને તપાસ શરૂ કરી હતી. જે અંગે સાવરકુંડલા વિભાગના પોલીસ વડા એ.એસ.પી. વલય વૈધે પ્રેસ કોન્ફરન્સ યોજીને ૫ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ અંગેની વિગતો જણાવી હતી.

## શેડુભાર ગામે જુગાર રમતાં અર્ધો ડઝન પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૧૬

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીના આધારે અમરેલી તાલુકાના શેડુભાર ગામમાં રેતીવાડી વિસ્તારમાં આંગણવાડી પાછળની શેરીમાં જાહેરમાં પૈસાની હારજીતનો જુગાર રમતા શેડુભાર ગામના રાજેશભાઈ નંદલાલભાઈ અગ્રાવત, રણજીતભાઈ જીલુભાઈ વાળા, વિનુભાઈ જીવરાજભાઈ વૈષ્ણવ, વીનુભાઈ ખોડાભાઈ ગોહીલ, ભુપતભાઈ મંગાભાઈ શીરોળીયા તથા રાજુભાઈ ગીરધરભાઈ ગોઠડીયા (ઉ.વ. ૪૫) (રહે. અડતાળા, તા. લાઠી) સહિત છ ઈસમોને જુગાર રમતા રોકડ રકમ રૂપિયા ૧૨,૫૦૦ના મુદ્દામાલ તથા જુગારના સાહિત્ય સાથે પકડી પાડી તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## શ્રી ભુરખીયા હનુમાનજી મંદિરે બુધવારે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

દામનગર, તા. ૧૬

લાઠી તાલુકાના સ્વયમ પ્રગટ શ્રી ભુરખીયા હનુમાનજી મંદિરે આગામી તા. ૧૮–૯–૨૪ ને બુધવારે સવારના ૮ થી ૧૨ વાગ્યા સુધી રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર– મુંબઈના આર્થિક સહયોગથી અને લાયન્સ કલબ ઓફ અમરેલી ( સીટી ), શ્રી ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુકત ઉપક્રમે ૭૮મો યોજાનાર વિનામુલ્યે નેત્ર નિદાન કેમ્પમાં દર્દીઓની આંખ તપાસી, જરૂરીયાતવાળા દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી વિના મુલ્યે નેત્રમણી બેસાડી આપવામાં આવશે. કેમ્પમાં નંબર પ્રમાણે રાહત ભાવે ચશ્મા બનાવી આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા આવનાર આંખના દર્દીઓએ આધાર –પુરાવા ( આધાર કાર્ડ ) સાથે લાવવા આયોજકોએ નમ્ર અનુરોધ કરેલ છે.

# અમરેલી ખાતે સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા ઈદેમિલાદુન્નબીની ઉજવણી






અમરેલીમાં હજરત મોહમ્મદ પયગંબર સાહેબના જન્મદિવસ નિમિત્તે સમસ્ત મુસ્લિમ સમાજદ્વારા ઈદેમિલાદુન્નબીની ઉજવણી કરવામાં આવેલહતી, જેમાં સવારે મોટી સંખ્યામાં લોકો જુલુસ સાથે જોડાયા હતા અને જુલુસ દરમ્યાન ઠેર ઠેર ન્યાજ વહેંચવામાં આવેલ હતી લોકોએ પોતાના ધંધા રોજગાર બંધ રાખી ઈદે મિલાદુન્નબીની આન બાન શાનથી ઉજવણી કરી હતી જુલુસ દરમિયાન પીરે તરીકત સૈયદ નિઝામબાપુનું મુસ્લિમ સમાજના અગ્રણીઓ દ્વારા ઠેર ઠેર સ્વાગત કરવામાં આવેલ હતું. પ્રાપ્ત વિગતો મુજબ સમગ્ર વિશ્વનાં મુસ્લિમ કોમના આખરી નબી હજરત મહંમદ પયગંબર સાહેબના જન્મદિવસ (વિલાદત્ત) દિવસે સમગ્ર વિશ્વમાં તેમની ઈદે મિલાદુન્નબીની ઉજવણી કરવામાં આવે છે અને જુલુસ ન્યાઝ અને વાયેઝ સહિતના કાર્યક્રમો કરવામાં આવે છે અમરેલીમાં પણ ઈદે મિલાદુન્નબીની આન બાન શાનથી ઉજવણી કરવામાં આવી હતી જેમાં નિશારે હુસેન કમિટી દ્વારા આજરોજ જુમ્મા મસ્જિદ ખાતેથી એક જૂલુસ કાઢવામાં આવેલ હતું જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજ જોડાયો હતો મુસ્લિમો પોતાના બાળકો અને વડીલો સહિત આ જુલુસમાં મોટા પ્રમાણમાં જોડાયા હતા આજનું જુમ્મા મસ્જિદથી દાણા બજારથી ટાવર થઈ શાક માર્કેટ દોલતરામ સ્કૂલ ચાંદની ચોક બહારપરા કંસારા બજાર થઈ ફરી જુમ્મા મસ્જિદ પહોંચ્યું હતું ઠેર ઠેર ન્યાજના પણ કાર્યક્રમ કરવામાં આવેલ હતા લોકો પોતાના વાહનો તેમજ ઘોડા સહિત લઈને જુલુસમાં સામેલ થયેલા હતા જુલુસમા દોલતરામ સ્કૂલ ચાંદની ચોક ઘાંચીવાડ બહાર પરા સહિતના વેપારી અગ્રણીઓએ પીરે તરીકત સૈયદ નિઝામ બાપુ ચિસ્તીનું સ્વાગત કરવામાં આવેલ હતું જુમ્મા મસ્જિદ ખાતે સંપન્ન થયા બાદ થોડીવાર માટે વાઈઝ (પ્રવચન) કરવામાં આવેલ હતું અને ત્યારબાદ ત્યાં ન્યાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. અમરેલીમાં હજરત મહંમદ પયગંબર સાહેબના જન્મદિવસ નિમિત્તે આજે મુસ્લિમ સમાજ આન બાન શાન સાથે ઈદે મિલાદુન્નબીની ઉજવણી કરેલ હતી.

# સાવરકુંડલાથી સત્તાધાર સુધી વિશાળ અખલયાત્રા બાઈક સાથે નીકળી



ધર્મ જાગરણ સમન્વય સૌરાષ્ટ્ર પ્રાંત સાવરકુંડલાથી સતાધાર સુધીની મોટી સંખ્યામાં બાઈક સાથે અલખ યાત્રા યોજાઈ હતી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પ્રેરિત ધર્મ જાગરણ સમન્વય સૌરાષ્ટ્ર વિભાગ દ્વારા સાવરકુંડલાથી સતાધાર સુધીની અલખ યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું સતાધાર આપાગીગાની જગ્યાના મહંત પૂજય વિજયબાપુ તેમજ સાવરકુંડલા, અમરેલી, ધારી, બગસરા, વિસાવદર તાલુકાના વિવિધ ગામોના મઠ, મંદિરો, દેહાણની જગ્યાઓ, આશ્રમોના સંતો, મહંતો, મહામંડલેશ્વરો તેમજ વિવિધ મંદિરોના પૂજારીઓ, કથાકારો સાથે ધર્મપ્રેમી ભાઈઓ દ્વારા સાવરકુંડલા કાનજીબાપુની જગ્યા ખાતેથી અલખયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યુ હતું સાવરકુંડલા ખાતે આવેલ પૂજય કાનજીબાપુની જગ્યા ખાતેથી પ્રાંત : સ્મરણીય અને વંદનીય સાધુ સંતો તથા સમાજના આગેવાનો, કથાકારો અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સ્વયંસેવકો, વિવિધ હિન્દુ સમાજના સંગઠનો દ્વારા સાવરકુંડલાથી પ્રસ્થાન થઈને નેસડી, ઈંગોરાળા, કમી, કેરાળા, ચલાલા, મીઠાપુર, ડુંગરી, ઝર, મોરઝર, છતડીયા, ધારી, પ્રેમપરા, માલસીકા, વેકરીયા, લાલપુર, જેતલવડ, ખીસરી, કાલસારી, વિસાવદર, જીવાપર થઈને સતાધાર બપોરના ચાર કલાકે અલખયાત્રા સતાધાર પહોંચી હતી રસ્તામાં આવતા તમામ ગામોના ગ્રામજનો વિવિધ ધર્મનાધાર્મિક સ્થાનો દ્વારા અલખયાત્રાનું ફૂલ, ચોખા, અબીલ ગુલાલથી સ્વાગત કરવામાં આવ્યું હતું તથા અલખયાત્રાના રથમા રહેલ આપાગીગા, કાનજીબાપુ, શામજીબાપુ વગેરે સંતોની પ્રતિમાને પુષ્પહાર અને આરતી ઉતારવામાં આવતી હતી તેમજ સતાધારના પટાંગણમાં દિવ્ય ધર્મસભા યોજાઈ હતી જેમા પૂ. વિજયબાપુ ઉપરાંત સંતો, મહંતો, સાધુ ભારતીય સંસ્કૃતિ અને પરંપરા તથા રાષ્ટ્રની એકતા અને વિકાસ માટે પ્રેરક આશીર્વચન આ આપ્યા હતા તેમજ પૂજય આપાગીગાની ગુરૂગાદી ચલાલા પૂ.દાનબાપુની જગ્યામાં મહંત વલકુબાપુના આશિષ લઈને યાત્રા આગળ વધી હતી આવિશાળ વાહન યાત્રાના રૂટ ઉપર ઠેર ઠેર પીવાનું પાણી, ચા, શરબત, નાસ્તો તેમજ ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવવી હતી યાત્રાને સફળ બનાવવા ધર્મ જાગરણ સમન્વય સૌરાષ્ટ્ર પ્રાંતના સંયોજક ભીખુભાઈ અગ્રાવત, યાત્રા સંયોજકો, અગ્રણીઓ, કાર્યકર્તાઓ તેમજ સાવરકુંડલાથી ભીખાભાઈ કાબરીયા, જગદીશભાઈ ગોહિલ, હિરેનભાઈ ડાભી, અમિતગીરી ગોસ્વામી, અમરેલીથી હાર્દિકગીરી બાપુ, દિગવતભાઈ સહિતની સમગ્ર ટીમ સાથે જહેમત ઉઠાવી હતી.

# રાજુલા જાફરાબાદ શહેર તાલુકાનાં યુવક કોંગ્રેસના પ્રમુખોની વરણી કરાય



રાજુલા, તા.૧૬

અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાની સુચનાથી અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ સંદીપભાઈ ધાનાણી દ્વારા તાજેતરમાં યોજનારી રાજુલા જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણીને અનુલક્ષીને યુવાનોની ટીમ મજબૂત બનાવવા રાજુલા શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે કરણભાઈ કોટડીયા રાજુલા તાલુકા યુવક કોંગ્રેસ પ્રમુખ તરીકે વિજયભાઈ પરમાર અને જાફરાબાદ શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ તરીકે મુદસ્સર ભાઈ થયૈમ તેમજ જાફરાબાદ તાલુકા યુવક કોંગ્રેસ પ્રમુખ તરીકે યુવરાજભાઈ વરૂની નિમણૂક કરવામાં આવેલ છે. આ નિમણૂક અને અમરેલી જિલ્લા કોંગ્રેસ આગેવાન પરેશભાઈ ધાનાણી, પ્રતાપભાઈ દુધાત, વિરજીભાઈ ઠુંમર, જેનીબેન ઠુંમર, ચંદ્રેશભાઈ રવાણી, ઠાકરશીભાઈ મેતલીયા તેમજ રાજુલા જાફરાબાદના આગેવાનો ટીકુભાઈ વરૂ, જે. ડી.કાછડ, નાયાભાઈ ગુજર, ગાંગાભાઈ હડીયા, ભગવાનભાઈ વાઘ, રવિભાઈ ધાખડા, દિપક દાદા ત્રિવેદી, અબ્દુલભાઈ સેલોત, મારૂ, નાથાભાઈ પરમાર, હરેશભાઈ બાંભણિયા, રજાકભાઈ થૈયમ, કાદરભાઈ જાડેજા, દિલીપભાઈ સોજીત્રા અને દીપકભાઈ વિંઝુડા સહિતના કોંગ્રેસના આગેવાનોએ આ નિમણૂકને આવકારેલ છે અને અભિનંદન શુભેચ્છા પાઠવેલ છે તેમ અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના ઉપપ્રમુખ તેજસભાઈ મસરાણી અને પ્રહલાદભાઈ સોલંકીની યાદીમાં જણાવ્યું છે.

## જાફરાબાદ ખાતે ઈદે મિલાદની ઉત્સાહ ભેર ઉજવણી કરાઈ

જાફરાબાદ, તા. ૧૬

જાફરાબાદમાં ઈદે મિલાદુન નબીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જાફરાબાદમાં હુસેની ચોકથી ગિરિરાજ ચોક ટાવર ચોક મેઈન બજાર બંદર ચોકથી લાઈટ હાઉસ રોડ ઉપર ઝુલુસ ફર્યુ હતું. સમસ્ત મુસ્લિમ સમાજ ધ્વારા હઝરત મહોમદ પયગમ્બર જન્મોત્સવ ઉત્સાહભેર કરાઈ હતી. જાફરાબાદમાં મુસ્લિમ સમાજના ઈદે મિલાઈની ઉજવણી કરવામાં આવી હતી. શણગારેલા વાહનો આ જુલુસમાં જોડાયા



હતા જાફરાબાદ મુસ્લિમ સમાજના અગ્રણીઓ મોલાનાઓ સહિત સો જુલુસમાં જોડાયા હતાં. પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્ય હતો.

# શાકાહારનાં ફાયદા ‘‘શાકાહાર શ્રેષ્ઠ આહાર’’



અમરેલી, તા. ૧૬

કોલોન કેન્સર ખૂબ જ ગંભીર રોગ છે. મોટા ભાગે આ કેન્સર માંસ ખાવાના કારણે થાય છે. જીવનભર શાકાહારીઓ કયારેય આવી બીમારીથી પીડાતા નથી. ઘણા માંસ ખાનારા માને છે કે માંસ એ પ્રોટીનનો એકમાત્ર સ્ત્રોત છે. જો કે, તેનો થોડો ભાગ માનવો ધ્વારા કયારેય ઉપયોગ કરી શકાતો નથી કારણ કે તે અપૂર્ણ છે અને તેમાં એમિનો એસિડના યોગ્ય સંયોજનનો અભાવ છે, જે પ્રોટીનના બિલ્ડીંગ બ્લોકસ છે. અભ્યાસો દર્શાવે છે કે માંસ ખાનાર વ્યકિતને જરૂરી પ્રોટીનની માત્રા પાંચ ગણી છે. તે એક સામાન્ય તબીબી હકિકત છે કે વધારાનું પ્રોટીન ખતરનાર છે, જેનો મુખ્ય ભય એ છે કે યુરિક એસિડ (પ્રોટીનને પચાવવાની પ્રક્રિયામાં ઉત્પન્ન થતો કચરો) કિડની પર ખરાબ અસર કરે છે, તે નેફ્રોન્સ નામના કિડની કોષોને તોડી નાખે છે. આ સ્થિતિ નેફ્રીટીસ કહેવાય છે. તેનું મુખ્ય કારણ કિડની પર વધુ પડતો બોજ છે. પ્રોટીન મેળવવાનું શાકાહારી પૂરક એક ચમચી ટોકુ અથવા સોયાબીન છે જેમાં સરેરાશ પીરસાતા માંસ કરતાં વધુ ઉપયોગી પ્રોટીન જોવા મળે છે !

કેટલાક શાકાહારીઓ દાવો કરે છે તેઓ ખાધા પછી વધુ સંતુષ્ટ થાય છે. આનું કારણ એ છે કે જયારે વનસ્પતિ પ્રોટીનનું પાચન થાય છે ત્યારે ઓછા કેટોન્સ (પ્રોટીન – પાચક પદાર્થો) બને છે. શાકાહાર ખાનારાઓ કરતાં માંસ ખાનારાઓ વિવિધ પ્રકારના ફુડ પોઈઝનિંગથી વધુ વારંવાર પીડાય છે. દરેક માંસાહારી વ્યકિતને ઓછામાં ઓછા એકવાર ફૂડ પોઈઝનિંગ થયું હોય છે.

વાઘ અથવા સિંહ જેઓ માંસ ખાય છે તેઓ એસિડ આધારિત પાચન પ્રણાલી ધરાવે છે. માણસનું હાઈડ્રોકલોરિક એસિડ માંસને સંપૂર્ણ રીતે પચાવવા માટે એટલું મજબૂત નથી. ઉપરાંત, તેમના આંતરડા લગભગ પાંચ ફૂટ લાબા હોય છે, જયારે માનવનાં આંતરડા વાંકા અને વળેલા, નાના વિસ્તારમાં કોમ્પેકટેડ હોય છે, જે વીસ ફૂટ લાંબા હોય છે.

ફળો અને શાકભાજીમાં પોષક તત્વો વધુ હોય છે. શરીરને લાંબા રોગ અને પીડા મુકત જીવન જીવવા માટે ખૂબ જ જરૂરી છે. ફળો અને શાકભાજીમાં રહેલા ઉત્સેચકો શરીરને પૂરતા પોષક તત્વો પૂરા પાડે છે જે હંમેશા મનની સ્વસ્થ સ્થિતિ જાળવી રાખે છે.

‘‘શાકાહાર શ્રેષ્ઠ આહાર’’

‘‘માંસાહાર સર્વનાશાહાર’’

### જીલ્લા પોલીસના માર્ગદર્શન મુજબ

# ચલાલા પોલીસ સ્ટેશનમાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો

**વસ્તુઓનો મુદામાલ મુળ માલીકોને બોલાવી પરત અપાયો**



અમરેલી, તા. ૧૬

અમરેલી જીલ્લા પોલીસના માર્ગદર્શન મુજબ ચલાલા પોલીસ પરિવાર દ્વારા ચલાલા પોલીસ સ્ટેશનમાં તેરા તુજ કો અર્પણનાં કાર્યક્રમ અધિકારી મહાનુભાવો અને પોલીસ સ્ટાફનીઉપસ્થિતિમાં યોજાયેલી હતી. આમ જનતા આથી ચોરાયેલ વસ્તુઓની ફરિયાદ થયા બાદ પોલીસ દ્વારા સંઘના તપાસતા અંગે ચોરી કરતા ઈસમો પકડાયા બાદ તેમની પાસેથી મેળવેલ મુદામાલ મુળમાલીકને પરત મેળવવામાં ખુબ લાંબો સમય અને ભારે મોટી કાયદાકીય પ્રોસેસમાંથી પસાર થવું પડતું હતું. ત્યારે સરકારના અભિગમ મુજબ ચોરી ડિટેન થયા બાદ મેળવેલ મુદામાલ ખુબ જ વહેલી તકે ખુબ સરળતાથી મુળ માલીકને પરત કરેલા તે મુજબ ચલાલામાં થોડાક વખતમાં જ રૂ. ૧,૪૦ના સોના ચાંદિના દાગીના અને ચાર મોબાઈલ ચોરાયેલ હતાં. ચોરીની ફરીયાદ બાદ ચોરીની સઘન તપાસ ના અંતે ચોરી ડિટેન થયા બાદ મુદામાલ કબજે કરી આજે ચલાલા પોલીસ સ્ટેશનમાં શહેરનાં સંતો, મહાનુભાવોની ઉપસ્થિતી મુળ માલીકોને બોલાવી પોતાની ચોરાયેલ વસ્તુ પરત કરતા મૂળ માલીકો અને ઉપસ્થિત મહાનુભાવોમાં ઈર્ષા આનંદ અને સંતોષની લાગણી ફલોપ હતી.

આ કાર્યક્રમમાં ચલાલા પોલીસ સ્ટેશનના નવનીયુકત પી.આઈ. શ્રી ચાવડા, પી.એસ.આઈ. શ્રી રામાણી હેડકોન્સેમ્બલ શ્રી ભગીરભા ધાધલ, સહિત પોલીસ પરીવાર, ગાયત્રી સંસ્કાર ધામના વડા.ડો. રતીદાદા, જયરાજભાઈ બાળ ક, પ્રકાશભાઈ કારીયા, ભૈયલુભાઈ વાળ, મહેન્દ્રભાઈ સાદાણી, અપરાજભાઈ ધાધલ, અનીરૂધ્ધભાઈ વાળ, સહિતના ઉપસ્થિત ફરીયાદીઓએ ચલાલા પોલીસકાર્યને બિરાદાવી ચલાલા પોલીસ પરીવારની પ્રશંસા કરી ખુશી વ્યકત કરી હતી તેમ પ્રકાશકારીયાએ જણાવેલ છે.

# રાજુલામાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વિરાટ હિન્દુ મહાસંમેલન યોજાયુ



રાજુલા શહેરમાં લુહાર સુથાર જ્ઞાતિ વાડી ખાતે વિ હિન્દુ પરિષદ દ્વારા આયોજિત હિન્દુ મહાસંમેલન યોજાયું આસંમેલન માં મુખ્ય વકતા તરીકે કિરીટભાઈ મિસ્ત્રી સૌરાષ્ટ્ર સંગઠન મંત્રી ખાસ હાજર રહેલા અને તેમણે પોતાનું વકતવ્ય આપેલ ઉપરોકત કાર્યક્રમમાં કાર્યક્રમની શુભ શરૂઆત આમંત્રિત મહેમાનોના હસ્તે દિપક પ્રાગટય કરવામાં આવેલ ત્યારે આ કાર્યક્રમમાં સંતો મહંતો જેમાં સંત અમરદાસ બાપુ તેમજ રાજુલા બી.એ.પી.એસ મંદિરમાંથી અખંડ મંગલ સ્વામી તેમજ હરીનંદન સ્વામી તેમજ નારાયણ સ્વામી તેમજ સંત અયોપ્રયાદાસજી તેમજ સાથે સાથે પધારેલ ખાસ આમંત્રિત મહેમાન કિરીટભાઈ મિસ્ત્રી સહિતના અનેક મહાનુભાવો એ હાજરી આપેલી તમામ મહેમાનોનું પુષ્ય અને ફુલહારથી સ્વાગત કરવામાં આવેલું ત્યારે ખાસ આ કાર્યક્રમમાં કિરીટભાઈ મિસ્ત્રી નું વિવિધ સંસ્થાઓ તેમજ વિવિધ સમાજના આગેવાનો દ્વારા સ્વાગત કરવામાં આવેલું જેમાં લુહાર જ્ઞાતિના સમાજના આગેવાનો તેમજ ભુપતભાઈ સોની. કપોળ સમાજ તેમજ ઢદ્રગણ તેમજ કાઠી સમાજના અગ્રણીઓ રાજુલા રામાનંદી સમાજના અગ્રણીઓ તેમજ શહેરનાં વિવિધ આગેવાનો સહિતની વ્યકિતઓએ કિરીટભાઈને સન્માનિત કરેલ તેમજ સાથે સાથે વિપુલભાઈ વિ હિન્દુ પરિષદ જિલ્લા પ્રમુખ તેમજ જયમલભાઈ અંબાણી સાવરકુંડલા અધ્યક્ષ તેમજ અઢણભાઈ ગોંડલીયા બજરંગ દળ સંયોજક સાવરકુંડલા જતીનભાઈ ઠાકર વિ હિન્દુ પરિષદ મંત્રી સાવરકુંડલા પ્રકાશભાઈ શાહ ભાવનગર સહિતના અનેક વ્યકિતઓ આ કાર્યક્રમમાં હાજર રહેલા અને તમામનું પુષ્પગુચ્છ અને ફૂલહાર થી સ્વાગત કરવામાં આવ્યું હતું સાથે સાથે ચંપુભાઈને પણ વિ હિન્દુ પરિષદની ટીમ દ્વારા સન્માનિત કરવામાં આવેલા ઉપરોકત કાર્યક્રમમાં રાજુલા શહેરના અનેક મહાનુભાવોએ હાજરી આપેલી જેમાં રવુભાઈ ખુમાણ કાતર દાદબાપુ, મનુભાઈ વડલી, બાબુમામા, સાગરભાઈ સરવૈયા, પ્રકાશભાઈ સંઘવી આંતરરાષ્ટ્રીય વિ હિન્દુ પરિષદના પ્રમુખ અજયભાઈ સહિતના અનેક મહાનુભાવોએ આ વિશેષ કાર્યક્રમમાં હાજરી આપેલી.




### આધુનિકતાની દોડમાં સગ્ગાઓ પણ દગાખોર બન્યા

# અમરેલીનાં કુંકાવાવ માર્ગ વિસ્તારમાં રહેતી તરૂણી ઉપર પિતરાઈ ભાઈનો નિર્લજ્જ હુમલો

## નદીનાં પટ્ટમાં લઈ જઈ આરોપીએ મોં કાળુ કર્યુ

અમરેલી, તા. ૧૬

મુળસુત્રાપાડાગામનાવતની અનેહાલઅમરેલીનાકુંકાવાવરોડઉપર આવેલવિસ્તારમાંરહેતીએકતરૂણીના પિતરાઈ ભાઈ આરોપી અબ્દુલભાઈ દિનમહમદ ઝુણેજાએ ગત તા. ૧૪ ના રોજભોગબનનાર બીમાર પડતા મજુરી કામે ગયેલ ન હતા અને એકલા ઘરે હતા. તે દરમ્યાન રાત્રે ૧૦ વાગ્યે આરોપીએ ભોગ બનનાર તરૂણી પાસે આવી ભોગ બનનારની એકલતાનો લાભ લઈ છરી

અનુસંધાન પાના ૬ ઉપર

### તારી પાસે જે કાંઈ હોય તે આપી દે તેમ કહીને

# અમરેલીનાં વાંકીયા ગામે આધેડને મારી મારી ઈજા : અસામાજિક તત્વો બેખૌફ

અમરેલી, તા. ૧૬

અમરેલી તાલુકાના સાજીયાવદર પાદરની બાજુમાં ચાડીયા રોડે રહેતા અને સિક્યોરીટી તરીકે કામ કરતાં માધાભાઈ કાળાભાઈ પરમાર નામનાં ૫૫ વર્ષિય આધેડ ગત તા. ૧૪ના સાંજના આઠેક વાગ્યે વિદ્યાસભા સ્કુલમાં પોતાની નોકરી પુરી થતા અમરેલીના ના બસ સ્ટેન્ડથી ધારીથી ચલાલા તરફ જતી સરકારી બસમાં સાડા દસેક વાગ્યે બેસેલ અને અગિયારેક વાગ્યે સાજીયાવદર ગામના પાટીયે ઉતરતા બે અજાણ્યા ઈસમો આધેડ પાસે આવીને કહેલ કે તારી પાસે જે હોય તે મને આપી દે. તેમ કહી આધેડને બડીયા વડે માર મારી કપાળના ડાબા ભાગે તથા પીઠના ભાગે બડીયા વડે ઈજા કરી નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.
















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)